

NAVSARJAN SANSKRUTI RNI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 048
Dt.: 22-12-2024,
Sunday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### સીતારમણની અધ્યક્ષતામાં જેસલમેરમાં GST કાઉન્સિલની બેઠક યોજાઈ

# GSTની મીટિંગમાં મિડલ ક્લાસને ઝટકો, ઈન્શ્યોરન્સ પ્રીમિયમમાં નહીં મળે રાહત

## વપરાયેલી કાર (ઈલેક્ટ્રિક વાહનો સહિત)ના વેચાણ સંબંધિત વ્યવહારો પર GST ૧૨% થી વધારીને ૧૮% કરવાની મંજૂરી આપવામાં આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જેસલમેર

GST કાઉન્સિલની મીટિંગમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં મંત્રીઓએ હેલ્થ અને લાઈફ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ પર GST ઘટાડવાની દરખાસ્ત કરવામાં આવી હતી.

હાલ GST કાઉન્સિલની આગામી બેઠક સુધી તેને મોકૂફ રાખવામાં આવી છે. જેથી હજુ પણ લોકોએ જૂના ટેક્સ રેટ મુજબ તેમના ઈન્શ્યોરન્સ પ્રીમિયમ ચૂકવવું પડશે.

GST કાઉન્સિલની ૫૫મી મીટીંગમાં હેલ્થ અને લાઈફ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ પર પ્રીમિયમ ઘટાડવાના નિર્ણયને મુલતવી રાખવાનું કારણ આપવામાં આવ્યું હતું કે આ અંગે વધુ સ્પષ્ટતાની જરૂર છે. તેમજ તેના અહેવાલને વધુ વ્યાપક બનાવવા માટે વધારાની માહિતી રજૂ કરવા જણાવ્યું છે.

હાલમાં, હેલ્થ ઈન્સ્યોરન્સ, ટર્મ લાઈફ ઈન્સ્યોરન્સ અને યુનિટ-લિંક્ડ ઈન્સ્યોરન્સ પ્લાન ૧૮% GST રેટ હેઠળ આવે છે. એન્ડોમેન્ટ યોજનાઓમાં GST અરજી અલગ છે, પ્રથમ વર્ષમાં ૪.૫%ના રેટથી અને બીજા વર્ષથી ૨.૨૫%ના રેટ લાગુ છે. લાઈફ ઈન્શ્યોરન્સ માટે, સિંગલ પ્રીમિયમ એન્યુઈટી પોલિસી ૧.૮%ના GST રેટ લાગે છે. આ રેટ તમામ વય જૂથોને સમાનરૂપે લાગુ પડે છે. હેલ્થ ઈન્સ્યોરન્સ પરના મંત્રીઓના સમૂહ (GOM) એ ૧૬ ડિસેમ્બરના રોજ રાજ્ય અને કેન્દ્ર સરકારના મહેસૂલ અધિકારીઓને તેની ભલામણો રજૂ કરી હતી. ૫૦% થી વધુ ફલાય એશ ધરાવતા




ઓટોક્લેવ્ડ એરેટેડ કોંક્રિટ (AAC) બ્લોક્સ HS કોડ ૬૮૧૫ હેઠળ મૂકવામાં આવે છે. આ પછી, તેમના પર પહેલા કરતા ઓછો GST વસૂલવામાં આવશે, જે પહેલા ૧૮% હતો અને હવે તેને ઘટાડીને ૧૨% કરવામાં આવ્યો છે. નાણાપ્રધાન સીતારમણની અધ્યક્ષતામાં મળેલી GST કાઉન્સિલની બેઠકમાં વપરાયેલી કાર (ઈલેક્ટ્રિક વાહનો સહિત)ના વેચાણ સંબંધિત વ્યવહારો પર GST ૧૨% થી વધારીને ૧૮% કરવાની મંજૂરી આપવામાં આવી છે.

GST કાઉન્સિલે નિર્ણય લીધો છે કે ફોર્ટિફાઈડ ચોખાના અનાજ પર ૫% ટેક્સનો એકસમાન દર લાદવામાં આવશે. તેઓ કયા હેતુ માટે ઉપયોગમાં લેવાય છે તે મહત્વનું નથી. અગાઉ તેના પર અલગ-અલગ ટેક્સ રેટ લાગુ પડતા હતા. જેના કારણે ટેક્સ સિસ્ટમ થોડી મુશ્કેલ બની હતી.

ખાવા માટે તૈયાર પોપકોર્ન પર GST અંગે કાઉન્સિલે સ્પષ્ટતા કરી હતી કે મીઠું અને નમકીન જેવા મસાલા ધરાવતા પોપકોર્નને પેકેજિંગ વગર વેચવામાં આવે તો તેના પર ૫% GST લાગશે. આ સિવાય પ્રી-પેકેજ અને લેબલવાળા પોપકોર્ન પર ૧૨% GST ચૂકવવો પડશે. જો કે, HS ૧૭૦૪ ૯૦ ૯૦ કોડ હેઠળ કન્ફેક્શનરી તરીકે વર્ગીકૃત કરાયેલા કારમેલ પોપકોર્ન જેવી સુગર-કોટેડ જાતો પર ૧૮% GST લાગશે. GST કાઉન્સિલે શનિવારે જીવન અને સ્વાસ્થ્ય વીમા પૉલિસી પ્રિમિયમ પરના ટેક્સના દરમાં ઘટાડો કરવાના નિર્ણયને મોકૂફ રાખ્યો હતો. અધિકારીઓએ આ માહિતી આપી હતી. GST કાઉન્સિલની ૫૫મી બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે આ સંબંધમાં કેટલાક વધુ ટેકનિકલ પાસાઓ પર ધ્યાન આપવાની જરૂર છે. આ મામલો વધુ ચર્ચા-વિચારણા માટે જીઓએમને સોંપવામાં આવ્યો હતો. કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં અને રાજ્યોના તેમના સમકક્ષોની હાજરીમાં કાઉન્સિલ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

બિહારના નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીએ જણાવ્યું હતું કે જૂથ, વ્યક્તિગત, વરિષ્ઠ નાગરિક નીતિઓ પર કરવેરા અંગે નિર્ણય લેવા વીમા પર જીઓએમની બીજી બેઠક થશે. ચૌધરીએ પત્રકારોને જણાવ્યું હતું કે કેટલાક સભ્યોએ વધુ ચર્ચાની જરૂર હોવાનું જણાવ્યું હતું. અમે (GoM) જાન્યુઆરીમાં ફરી મળીશું.

શું ભલામણો હતી?

-હેલ્થ ઈન્સ્યોરન્સ માટે છૂટઃ GOM એ કુટુંબના સભ્યોને આવરી લેતી શુદ્ધ મુદતની જીવન વીમા પૉલિસીઓ માટે GST મુક્તિની દરખાસ્ત કરી હતી. આનો અર્થ એ થશે કે આ પોલિસીઓ GSTને આધીન રહેશે નહીં, જે પોલિસીધારકો પરનો નાણાકીય બોજ ઘટાડશે. - વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય વીમા પર મુક્તિઃ અન્ય મુખ્ય ભલામણો ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય વીમા પૉલિસી પર GSTમાંથી મુક્તિ છે, જે વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય સંભાળને વધુ સસ્તું બનાવવામાં મદદ કરશે.

- પર્સનલ હેલ્થ ઈન્સ્યોરન્સ પર GST રેટ ઘટાડવોઃ GOM એ તમામ પર્સનલ હેલ્થ ઈન્શ્યોરન્સ પૉલિસી પર GST રેટ ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) ના વિકલ્પ વિના ઘટાડીને ૫% કરવાની પણ દરખાસ્ત કરી છે. તેનો ઉદ્દેશ્ય પ્રક્રિયાને સરળ રાખીને વ્યક્તિઓ માટે સ્વાસ્થ્ય વીમા પ્રિમિયમની કિંમત ઘટાડવાનો છે.

---

### તોડફોડમાં મૂર્તિઓ પણ થઈ ખંડિત

# બાંગ્લાદેશમાં ૪૮ કલાકમાં ત્રણ હિન્દુ મંદિરો પર હુમલા

## બાંગ્લાદેશના મૈમનસિંહ અને દિનાજપુરમાં બદમાશોએ બે દિવસની અંદર ત્રણ હિન્દુ મંદિરોમાં તોડફોડ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા,

બાંગ્લાદેશમાં તખ્તાપલટ બાદ ત્યાં સતત હિન્દુઓને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. હિન્દુઓના ઘર અને મંદિર પર સતત હુમલા કરવામાં આવી રહ્યા છે. ત્યારે હવે આ જ કડીમાં બાંગ્લાદેશના મૈમનસિંહ અને દિનાજપુરમાં બદમાશોએ બે દિવસની અંદર ત્રણ હિન્દુ મંદિરોમાં તોડફોડ કરીને આઠ મૂર્તિઓને ખંડિત કરી દીધી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે પોલીસે એક મંદિરમાં તોડફોડના મામલે એક વ્યક્તિની ધરપકડ કરી લીધી છે. બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુ સમુદાય વિરુદ્ધ સતત હિંસાની ઘટના સામે આવી રહી છે ત્યારે આ વધુ એક નવી ઘટના સામે આવી છે. મૈમનસિંહના હલુઆઘાટ ઉપ જિલ્લામાં ગુરુવાર અને શુક્રવારની સવારે બે મંદિરોની ત્રણ મૂર્તિઓને ખંડિત કરવામાં આવી છે. મંદિરના સૂત્રો અને સ્થાનિક લોકોનો હવાલો આપતા હલુઘાટ પોલીસ સ્ટેશનના પ્રભારી અબુલ ખૈરે જણાવ્યું કે, શુક્રવારે વહેલી સવારે બદમાશોએ હાલુઘાટના શાકુઆઈ સંઘ સ્થિત બોંદરપારા મંદિરની બે મૂર્તિઓને ખંડિત કરી હતી. તેમણે જણાવ્યું કે, આ ઘટનામાં અત્યાર સુધીમાં કોઈ કેસ દાખલ કરવામાં નથી આવ્યો અને ન તો કોઈની ધરપકડ થઈ છે.

બદમાશોએ ગુરુવારે વહેલી સવારે એક અન્ય ઘટનામાં હલુઆઘાટના બેલડોરા સંઘમાં પોલાશકંદ કાલી મંદિરમાં એક મૂર્તિને ખંડિત કરી દીધી હતી. પોલીસે શુક્રવારે પોલાશકંદ ગામના ૨૭ વર્ષીય એક વ્યક્તિની આ ઘટનામાં કથિત સંડોવણીના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. પ્રભારી અધિકારીએ જણાવ્યું કે, ધરપકડ કરવામાં આવેલ અલાલઉદ્દીને પૂછપરછ દરમિયાન પોતાનો ગુનો કબૂલ કર્યો છે.

આ પહેલા ગુરુવારે પોલાશકંદ કાલી મંદિર સમિતિના અધ્યક્ષ સુવાશ ચંદ્ર સરકારે અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ કેસ દાખલ કરાવ્યો હતો. હિન્દુ લઘુમતીઓ પર હુમલાને લઈને ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તણાવ વધી ગયો છે. ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસ્રીએ ઢાકામાં બાંગ્લાદેશી અધિકારીઓ સાથેની બેઠક દરમિયાન લઘુમતીઓની સુરક્ષા અને કલ્યાણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. બાંગ્લાદેશે શેખ હસીનાને સત્તા પરથી હટાવ્યા બાદ લઘુમતીઓ, મુખ્યત્વે હિન્દુઓ સામે સાંપ્રદાયિક હિંસાની ૮૮ ઘટનાઓ સ્વીકારી છે. આ ઘટનાઓએ બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોને વધુ તણાવપૂર્ણ બનાવી લીધા છે.

---

## ૧૨મી જાન્યુઆરીએ જય શાહના ઉત્તરાધિકારી નક્કી થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ પુષ્ટિ કરી છે કે ૧૨ જાન્યુઆરીએ સ્પેશિયલ જનરલ મીટિંગ (SGM) બોલાવવામાં આવી છે. આ બેઠક મુંબઈમાં યોજાશે. તેનો એજન્ડા નવા સેક્રેટરી અને ટ્રેઝરરની ચૂંટણી છે. જય શાહ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) ના પ્રમુખ બન્યા અને આશિષ શેલાર મહારાષ્ટ્ર સરકારના કેબિનેટમાં જોડાયા પછી સેક્રેટરીનું પદ ખાલી છે.ક્રિકબઝના અહેવાલ મુજબ, શનિવારે (૨૧ ડિસેમ્બર) બપોરે રાજ્યના સંગઠનોને સંક્ષિપ્ત સંદેશાવ્યવહાર મોકલવામાં આવ્યો હતો.

આઈસીસીના નિયમો અનુસાર અધ્યક્ષ કોઈપણ સભ્ય સંગઠન સાથે ઔપચારિક રીતે સંકળાયેલા હોઈ શકતા નથી. બીસીસીઆઈના બંધારણ મુજબ સરકારના મંત્રી બોર્ડના અધિકારી તરીકે સેવા આપી શકતા નથી. દેવજીત સાયકિયાને બંધારણમાં આપવામાં આવેલી તેમની વિશેષ સત્તાઓનો ઉપયોગ કર્યા બાદ BCCI પ્રમુખ રોજર બિન્નીએ તાજેતરમાં વચગાળાના સચિવ તરીકે નિયુક્ત કર્યા હતા.

---

### સુપ્રીમ કોર્ટે એક કેસમાં મહત્વનો ચુકાદો આપ્યો

# આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો પ્રસ્થાપિત કરવા પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવા જરૂરીઃ સુપ્રીમ

## આરોપીનો સામેની વ્યક્તિને આત્મહત્યા માટે મજબૂર કરવાનો ઈરાદો સ્પષ્ટ થતો હોવો જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

આત્મહત્યાની ઉશ્કેરણી અંગેના એક કેસમાં મહત્વનો ચુકાદો આપતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો પ્રસ્થાપિત કરવા માટે આરોપી વિરુદ્ધ પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવા હોવા જરૂરી છે. ૨૫ વર્ષની એક પરણિતાની આત્મહત્યાના કેસમાં પતિ અને તેના પરિવારજનોને છોડી મુકતા એક આદેશમાં જસ્ટિસ બી.આર. ગવઈ તથા કે.વી. વિશ્વનાથનની બેન્ચે જણાવ્યું હતું કે, આઈપીસીની કલમ ૩૦૬ હેઠળ કામ ચલાવવા માટે, આરોપી એ પીડિતને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણા આપી હોય તેના પુરાવાર કરવું જરૂરી



છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, આવી ઉશ્કેરણી એ પીડિત દ્વારા કરાયેલી આત્મહત્યાના કારણો સાથે સંલગ્ન હોવી જોઈએ.

આ ઉશ્કેરણી એવી હોય કે જેમાં આરોપીનો સામેની વ્યક્તિને આત્મહત્યા કરવા માટે મજબૂર કરવાનો ઈરાદો સ્પષ્ટ થતો હોય અને જેના લીધે પીડિત એવી સ્થિતિમાં મુકાઈ જાય કે તેની પાસે જીવન ટૂંકાવી દેવા સિવાય અન્ય કોઈ વિકલ્પ બાકી ના રહ્યો હોય. બેન્ચે જણાવ્યું હતું કે, ઉશ્કેરણીમાં માનસિક રીતે ઉશ્કેરવાનો અથવા ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યક્તિ દ્વારા કોઈ ચોક્કસ કાર્ય કરવા જેવી બાબતો સામેલ છે. જો આરોપીનો આવો ઈરાદો સ્પષ્ટ છતો ના થતો હોય તો ઉપરોક્ત કલમ હેઠળના આરોપો ટકી શકે નહીં. કોર્ટે જણાવ્યું હતું કે, ૨૫ વર્ષની પરણિતાએ જીવ ગુમાવવો પડ્યો તે અત્યંત દુઃખની વાત છે. જોકે, અરજદારો દ્વારા શાબ્દિક રીતે તેને આત્મહત્યા કરવા મજબૂર કરાઈ હોય તેવા પુરતા પુરાવાના અભાવે અરજદારો વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી કાયદાની પ્રક્રિયાના ઉલ્લંઘન સમાન ગણાશે.

---

# તબીબોની અછત છે, મેડિકલની બેઠકો વ્યર્થ ન જવી જોઈએ : SC

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

મેડિકલ કોર્સની ખાલી બેઠકો ભરવા માટે કાઉન્સેલિંગનો નવો રાઉન્ડ યોજવાનો એડમિશન ઓથોરિટીને આદેશ આપતાં સુપ્રીમ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે દેશમાં ડોક્ટરોની તીવ્ર અછત છે ત્યારે મેડિકલની કિંમતી બેઠકો વ્યર્થ ન જવી જોઈએ.

જસ્ટિસ બી આર ગવઈ અને કે વી વિશ્વનાથનની ખંડપીઠે એડમિશન ઓથોરિટીઓને સ્પેશિયલ કાઉન્સેલિંગ કરવા અને ૩૦ ડિસેમ્બર સુધીમાં મેડિકલ કોર્સ માટે એડમિશન પ્રક્રિયા પૂર્ણ કરવાની તાકીદ કરી હતી. સર્વોચ્ચ અદાલતે તેના આદેશમાં જણાવ્યું હતું કે કિંમતી તબીબી બેઠકો વ્યર્થ ન જવી જોઈએ, અમે છેલ્લી તક તરીકે સમયગાળામાં વધારો કરીએ છીએ. કોઈપણ કોલેજ વિદ્યાર્થીઓને સીધો પ્રવેશ આપી શકશે નહીં અને પ્રવેશ માત્ર રાજ્ય પ્રવેશ સત્તાવાળાઓ દ્વારા જ હાથ ધરવામાં આવશે. જોકે અમે સ્પષ્ટતા કરીએ છીએ કે વિશેષ પ્રવેશ પ્રક્રિયાથી સમગ્ર એડમિશન પ્રક્રિયાને ખલેલ પહોંચવી જોઈએ નહીં. પ્રવેશ ફક્ત વેઈટિંગ લિસ્ટના ઉમેદવારોમાંથી જ આપવામાં આવશે. કાઉન્સેલિંગના પાંચ રાઉન્ડ પછી પણ બાકી રહેલી ખાલી બેઠકો માટે સ્પેશ્યલ રાઉન્ડ યોજવાની માગણી કરતી અરજીઓની સુનાવણી કરતાં કોર્ટે આ આદેશ આપ્યો હતો.

---

# રશિયા પર થયો ૯/૧૧ જેવો ઘાતક હુમલો, યુક્રેનના ૮ ડ્રોન એટેકથી મચ્યો હડકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)કઝાન

યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે રશિયાના કઝાન શહેર પર મોટો ડ્રોન હુમલો થયો છે. આ શહેર રાજધાની મોસ્કોથી ૮૦૦ કિલોમીટર દૂર છે. હાલમાં જ આ શહેરમાં બ્રિક્સ દેશોની સંમેલન યોજાઈ હતી, જેમાં પીએમ નરેન્દ્ર મોદીએ ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે, આ હુમલાના સમાચાર ટેલિગ્રામ મેસેજિંગ એપ દ્વારા આપવામાં આવ્યા હતા. કઝાન એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું કે યુક્રેનિયન ડ્રોન હુમલા બાદ ફ્લાઈટ્સનું આગમન અને પ્રસ્થાન અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું છે.રશિયન રાજ્ય સમાચાર એજન્સીઓએ જણાવ્યું હતું કે મોસ્કોથી લગભગ ૫૦૦ માઈલ (૮૦૦ કિમી) પૂર્વમાં આવેલા શહેર કાઝાનમાં ડ્રોન હુમલાઓ ઓછામાં ઓછા છ રહેણાંક સંકુલોને ફટકાર્યા હતા. TASS એજન્સીએ જણાવ્યું હતું કે આઠ ડ્રોન હુમલાઓ રેકોર્ડ કરવામાં આવ્યા હતા, જેમાંથી છ રહેણાંક મકાનો પર હતા. કમલ્યાએવા એવન્યુ (બે ડ્રોન), ક્લેરા ત્સેટકીન સ્ટ્રીટ, યુટાઝિન્સકાયા સ્ટ્રીટ, ખાદી તકતશ સ્ટ્રીટ, ક્રેસ્નાયા પોસિટ્સિયા અને ઓરેનબર્ગસ્કી ટ્રેક્ટ પરની ઈમારતો ડ્રોન હુમલાનો ભોગ બની હતી.

સમાચાર એજન્સીઓએ સ્થાનિક અધિકારીઓને ટાંકીને હુમલાની જાણ કરી હતી. કહેવામાં આવી રહ્યું છે કે આ હુમલામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. રશિયાની સુરક્ષા સેવાઓની નજીકની એક ટેલિગ્રામ ચેનલે વીડિયો ફૂટેજ શેર કર્યો છે. આમાં એક હવાઈ વસ્તુ ઊંચી ઈમારત સાથે અથડાતી જોવા મળે છે, જેના કારણે મોટો ભડાકો થયો છે. કહેવામાં આવી રહ્યું છે કે કઝાનના ઉત્તર-પૂર્વમાં આવેલા નાના શહેર ઈઝેવસ્કના એરપોર્ટ પર પણ અસ્થાયી પ્રતિબંધ લગાવવામાં આવી રહ્યો છે.રશિયન સરકારે ડ્રોન હુમલા પાછળ યુક્રેનનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. હુમલા બાદ કઝાનમાં સત્તાવાળાઓએ કટોકટી પ્રતિભાવ પ્રયાસો શરૂ કર્યા અને અસરગ્રસ્ત ઈમારતોમાંથી રહેવાસીઓને બહાર કાઢ્યા.

---

## ઝડપી કાર ભીડમાં ઘૂસી, ૨ના મૃત્યુ; અનેક ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)મેગડેબર્ગ

જર્મનીના મેગડેબર્ગમાં ક્રિસમસ માર્કેટમાં થયેલા શંકાસ્પદ હુમલામાં ઓછામાં ઓછા બે લોકોના મૃત્યુ થયા છે અને ડઝનેક લોકો ઘાયલ થયા છે. ક્રિસમસ માર્કેટમાં એક કારે લોકોને કચડી નાખ્યા હતા. જેના કારણે બે લોકોના મૃત્યુ થયા છે, જ્યારે ૬૮ લોકો ઘાયલ થયા છે. જેમાંથી ૧૫ને ગંભીર ઈજાઓ થઈ હતી, જ્યારે અન્ય ૩૭ને સામાન્ય ઈજાઓ થઈ હતી અને ૧૬ને હળવી ઈજાઓ થઈ હતી. સરકારે બે લોકોના મૃત્યુની પુષ્ટિ કરી છે. જેમાં એક બાળકનો પણ સમાવેશ થાય છે. સરકારે જણાવ્યું કે, લોકપ્રિય હોલિડે માર્કેટની વચ્ચે બનેલી આ દુઃખદ ઘટનામાં ૬૮ લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જર્મનીના ગૃહમંત્રી નેન્સી ફેસરે આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.

સરકારે કહ્યું છે કે, હુમલામાં સામેલ કારના શંકાસ્પદ ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે.

---

### ઘણા લોકો દબાયા હોવાની આશંકા

# પંજાબના મોહાલીમાં ૬ માળની ઈમારત ધરાશાયી

(સંપૂર્ણ સમાચાર સેવા)મોહાલી

પંજાબના મોહાલીમાં છ માળની ઈમારત ધરાશાયી થઈ છે. બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર જિમ હતું. ચાર લોકો કાટમાળ નીચે દટાયા છે. રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે નજીકની બિલ્ડીંગમાં કામ ચાલી રહ્યું હતું, જેમાં ખોદકામ ચાલી રહ્યું હતું, જેના કારણે ઈમારત ધરાશાયી થઈ છે.

કહેવામાં આવી રહ્યું છે કે મોહાલીના સોહના વિસ્તારમાં બહુમાળી ઈમારત પડી છે. શરૂઆતમાં તેની અંદર કેટલા લોકો દટાયા હતા તે જાણી શકાયું નથી, પરંતુ વહીવટીતંત્રે આશંકા વ્યક્ત કરી હતી કે તેની અંદર કેટલા લોકો દટાયેલા હોઈ શકે છે.

દુર્ઘટના સ્થળનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં જેસીબી મશીનો સ્થળ પર જોવા મળી રહ્યા છે અને કાટમાળ હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. આજુબાજુ ઘણી ભીડ એકઠી થઈ ગઈ છે.

મોહાલીના એસએસપી દીપક પારીકે ન્યૂઝ એજન્સી એએનઆઈ સાથે વાત કરતા કહ્યું કે, ઈમારત ધરાશાયી થવાના સમાચાર મળ્યા છે. હજુ સુધી એ જાણી શકાયું નથી કે કેટલા લોકો દટાયા છે. કારણ કે ઓપરેશન સતત ચાલુ છે. એનડીઆરએફની ટીમ, જેસીબી મશીન અને અમારી ટીમ રોકાયેલ છે. લોકો પણ સહકાર આપી રહ્યા છે. જો કોઈ અંદર ફસાયું હશે તો તેને બહાર કાઢવામાં આવશે. ટૂંક સમયમાં કાટમાળ હટાવાશે. બિલ્ડિંગ ધરાશાયી થવાનું ટેકનિકલ કારણ હવે પછી જાણી શકાશે.

મીડિયા અહેવાલ અનુસાર, જ્યારે નજીકમાં એક ભોંયરું ખોદવામાં આવી રહ્યું હતું ત્યારે ઈમારત તૂટી પડી હતી. પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.આ ઘટના સમયે કેટલાક યુવકો જીમમાં હોવાની માહિતી સામે આવી રહી છે.

---

### દાલ સરોવર પણ થીજી ગયું

# શ્રીનગરમાં કાતિલ ઠંડીએ તોડ્યો રેકોર્ડ, -૮.૫ ડિગ્રી તાપમાન પહોંચ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)શ્રીનગર

સમગ્ર ઉત્તર ભારતમાં આ દિવસોમાં ભારે ઠંડી પડી રહી છે. રાજધાની દિલ્હીથી લઈને કાશ્મીર સુધી વાતાવરણમાં કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જેમાં આ સિઝનની અત્યાર સુધીની સૌથી ઠંડી રાત શ્રીનગરમાં નોંધાઈ હતી. જેમાં તાપમાન -૮.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડી જતાં શહેરમાં કડકડતી ઠંડી પડી હતી. શ્રીનગરમાં ડિસેમ્બર મહિના દરમિયાન ઈતિહાસમાં અત્યાર સુધીનું ત્રીજું સૌથી નીચું તાપમાન રહ્યું હતું.દક્ષિણ કાશ્મીરમાં શોપિયાં મેદાન સૌથી ઠંડો વિસ્તાર હતો, જ્યાં લઘુત્તમ તાપમાન -૧૦.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અનંતનાગ શહેરમાં -૯.૯ ડિગ્રી સેલ્સિયસ અને પુલવામા શહેરમાં પણ લઘુત્તમ તાપમાન -૯.૫ ડિગ્રી સેલ્સિયસ સાથે ઠંડી રાત નોંધાઈ હતી, જ્યારે લાર્નુમાં - ૯.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આગામી દિવસોમાં હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, રાજસ્થાન, ચંદીગઢ સહિત અનેક રાજ્યોમાં કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. કાશ્મીરમાં ઝોજિલા સૌથી ઠંડું સ્થળ હતું, જ્યાં લઘુત્તમ તાપમાન -૨૪.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. પ્રવાસન સ્થળ પહેલગામમાં લઘુત્તમ તાપમાન -૮.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ન્યોમા લદ્દાખ ક્ષેત્રમાં -૨૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે દ્રાસમાં રાત્રિનું તાપમાન -૧૪.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજધાની લેહમાં તાપમાન -૧૧.૮ ડિગ્રી સેલ્સિયસ હતું, જ્યારે કારગીલમાં પણ લઘુત્તમ તાપમાન -૧૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગે ૨૧થી ૨૩ ડિસેમ્બરની વચ્ચે ઉંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષાની આગાહી કરી છે, જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં ૨૮ ડિસેમ્બર સુધી કડકડતી ઠંડી પડવાની શક્યતા છે. સવારના સમયે કડકડતી ઠંડીના કારણે અનેક વિસ્તારોમાં નળ જામી ગયા હતા અને લોકોએ પાણીની પાઈપો ગરમ કરીને પાણી પુરવઠો પૂરો પાડવો પડ્યો હતો. કડકડતી ઠંડીને કારણે, દાલ સરોવરના ભાગો સહિત મોટાભાગના જળાશયો થીજી ગયા હતા. IMD અનુસાર, ૨૩ ડિસેમ્બરે લાહૌલ સ્પીતિ, કુલ્લુ અને ચંબાના ઊંચા શિખરો પર હિમવર્ષા થઈ શકે છે. હવામાન વિભાગે હમીરપુર, મંડી, ઉના અને બિલાસપુર માટે ઑરેન્જ ઍલર્ટ અને કુલ્લુ, ચંબા અને કાંગડા માટે યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

# તંત્રી લેખ......

## સંસદમાં દુરાચરણ

ભારતીય સંસદમાં ફરીથી અપ્રિય સ્થિતિ પેદા થવી દરેક દષ્ટિએ દુઃખદ અને નિંદનીય છે. બે સાંસદ ઘાયલથઈ ગયા, તો કેટલાય સાંસદોએ ધક્કામુક્કીની ફરિયાદ કરી. આરોપ-પ્રત્યારોપને કારણે પરિવેશ એવો બની ગયો ચે કે જાણે સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે હવે દુશ્મની જ થઈ ગઈ છે. બીજું તો ઠીક, ધક્કા-મુક્કી, દુર્વ્યવહાર જેવા આરોપોની પોલીસ સુધી પહોંચવાની નોબત આવી ગઈ. વાસ્તવમાં આ જે કટુતા ફેલાઈ રહી છે, તેનો સમય રહેતાં ઉપચાર કરવો જોઈએ. જો એમ નહીં કરવામાં આવે તો સંસદમાં ઘણું બધું અપ્રિય થવાની આશંકા દેખાઈ રહી છે. પક્ષ ગમે તે હોય, જે પણ સાંસદ ધક્કામુક્કીમાં સામેલ હોય, તેમને એ સંદેશ આપવાની જરૂર છે કે સંસદ આવા કોઈ સંઘર્ષનો અખાડો નથી. સંસદ અને બંધારણ, બંને સાંસદો પાસે ઉચ્ચ ગરિમાની આશા રાખે છે. સંસદ દેશના અવાજો અને દલીલોનો મંચ છે, એ કોઈપણ પ્રકારના શારીરિક પ્રહારનો મંચ ન બને, તેમાં જ બધાની ભલાઈ છે. દરેક સાંસદે ફરીથી સંસદની આચાર સંહિતા વાંચવી જોઈએ. સાંસદોને જણાવવું જોઈએ કે સંસદમાં આવાં દશ્યો લોકો સ્વીકાર નહીં કરે.

સાંસદોએ સમગ્રતામાં વિચાર કરવો જોઈએ કે જો એફઆઈઆરની રાજનીતિ આગળ વધશે તો બધાને પરેશાની થશે. સંસદમાં તણાવનો ઈતિહાસ રહ્યો છે, પરંતુ બહુ ઓછા અવસર એવા આવ્યા છે જ્યાં શારીરિક બળનો દુરુપયોગ જોવા મળ્યો છે. સંસદ ભવનના પ્રાંગણમાં જ નહીં, બલ્કે દેશમાં ગમે ત્યાં સાંસદોને આ રીતે આમનેસામને આવતાં નથી જોયા. લોકસભા પ્રાંગણમાં સારું આચરણ સુનિશ્ચિત કરવાની ક્ષમતા અને અધિકાર જે પણ નેતા કે અધિકારી ધરાવે છે તેમણે આગળ આવવું જોઈએ. સંસદ ભવનના પ્રાંગણમાં ઠેર-ઠેર કેમેરા લાગ્યા છે, તેની મદદથી એટલું તો સુનિશ્ચિત કરવું જ જોઈએ કે સત્યની ખબર પડે. જો કોઈ સાંસદના માથામાં ઈજા થઈ છે, તો તે ગંભીર બાબત જ કહી શકાય. પક્ષ-વિપક્ષમાં આરોપ-પ્રત્યારોપ લાગે, પરંતુ વધુ મહત્ત્વપૂર્ણ એ છે કે સત્ય સામે આવે. એ સમજવું પડશે કે ઉગ્ર રાજનીતિનો આ દેશ નથી. આ અલગ-અલગ વિચારો વચ્ચે સદ્ભાવ, સમન્વયની રાજનીતિનો દેશ છે. એ પણ વિચારવું જોઈએ કે જે મહાપુરુષ ભીમરાવ આંબેડકરના નામે અપ્રિય સ્થિતિ બની, શું તેઓ ખુદ આવા વ્યવહારની પ્રશંસા કરતા? આંબેડકરનું સંસદ કે બંધારણ સભામાં જીવન વધુ નથી રહ્યું, તેઓ બે-બે વખત ચૂંટણી હારી ગયા, પરતું તેમણે ક્યારેય પોતાના વિરોધીઓ-પ્રતિદ્વંદ્વીઓ પ્રત્યે દ્વેષનો ભાવ ન રાખ્યો. તેમનું વારંવાર અપમાન થયું, પરંતુ તેમણે સાનભાન ન ગુમાવ્યા. તેમણે પોતાના વિચારોથી જ બધાનો જવાબ વાળ્યો. આવા બાબાસાહેબના નામ પર કોઈપણ પ્રદર્શન કે પ્રતિ-પ્રદર્શનને શાલીનતાની સુરિક્ષત સીમાઓમાં જ રાખવું પડે, જેથી દેશના સર્વોચ્ચ જન-પ્રતિનિધિ મંચની મર્યાદા અખંડ રહે.

વિક્લી માર્કેટ રિપોર્ટ

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૨,૩૧૮ અને ચાંદીમાં રૂ.૫,૪૪૬નો સાપ્તાહિક ધોરણે કડાકોઃ ક્રૂડ તેલમાં રૂ.૩૫ની નરમાઈ

**સપ્તાહ દરમિયાન કોટન-ખાંડી વાયદામાં રૂ.૮૪૦નો ઘટાડોઃ મેન્થા તેલ સુધર્યુંઃ નેચરલ ગેસ ઢીલુઃ બિનલોહ ધાતુઓ એકંદરે ઘટીઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૧૯,૯૦૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૪૮૭૧૬ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૧૨ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૩થી ૧૯ ડિસેમ્બર સુધીના સપ્તાહ દરમિયાન ૧૧૬,૭૫,૪૭૬ સોદાઓમાં કુલ રૂ.૧૨,૬૮,૬૩૨.૮૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૧૯,૯૦૩.૫૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૧,૪૮,૭૧૬.૮૯ કરોડનો હતો. સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭,૮૬,૫૮૬ સોદાઓમાં રૂ.૬૮,૩૨૩.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૭૮,૦૮૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૮,૧૧૮ અને નીચામાં રૂ.૭૫,૪૫૯ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨,૩૧૮ના ભાવઘટાડા સાથે રૂ.૭૫,૬૫૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૬૩૮ તૂટી રૂ.૬૦,૮૯૦ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૪૩ ઘટી રૂ.૭,૫૯૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨,૨૦૯ના ભાવઘટાડા સાથે રૂ.૭૫,૧૯૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૯૨,૨૦૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯૨,૩૩૮ અને નીચામાં રૂ.૮૬,૬૫૫ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૫,૪૪૬ના ભાવઘટાડા સાથે રૂ.૮૭,૧૮૭ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫,૨૮૮ના ભાવઘટાડા સાથે રૂ.૮૭,૩૨૮ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫,૨૭૭ના ભાવઘટાડા સાથે રૂ.૮૭,૩૨૬ બંધ થયો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯૯,૦૯૯ સોદાઓમાં રૂ.૧૩,૦૫૫.૦૨ કરોડના વેપાર થયા હતા. તાંબુ ડિસેમ્બર વાયદો રૂ.૮૨૩.૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૫.૯૦ ઘટી રૂ.૭૯૬.૭૫ જ્યારે એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૬૦ ઘટી રૂ.૨૪૧.૨૫ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૪૦ ઘટી રૂ.૧૭૭ના ભાવ થયા હતા. જસત ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૮.૫૫ ઘટી રૂ.૨૭૯ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૬૦ ઘટી રૂ.૨૪૧.૭૦ સીસુ-મિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૨૫ ઘટી રૂ.૧૭૭.૫૦ જસત-મિની ડિસેમ્બર વાયદો રૂ.૭.૩૫ ઘટી રૂ.૨૭૯.૬૫ બંધ થયો હતો. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૮,૭૦,૬૭૭ સોદાઓમાં રૂ.૩૮,૪૯૯.૦૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૫,૯૫૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૦૩૦ અને નીચામાં રૂ.૫,૮૭૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૫ ઘટી રૂ.૫,૯૩૩ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૩૪ ઘટી રૂ.૫,૯૩૬ બંધ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૯૮ના ભાવે ખૂલી, રૂ.૦.૪૦ ઘટી રૂ.૨૯૯.૨૦ અને નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો ૦.૩ ઘટી ૨૯૮.૯ બંધ થયો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૨૫.૫૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૪,૬૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૪,૮૭૦ અને નીચામાં રૂ.૫૩,૬૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૮૪૦ ઘટી રૂ.૫૪,૦૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૧૦ વધી રૂ.૯૨૭.૮૦ બોલાયો હતો. કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩૪,૩૦૫.૭૬ કરોડનાં ૪૪,૭૧૪.૬૪૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૪,૦૧૮.૧૮ કરોડનાં ૩,૭૭૨.૫૯૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૭,૮૨૯.૭૨ કરોડનાં ૧૩,૦૮૮,૪૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૩૦,૬૬૯.૩૦ કરોડનાં ૧,૦૯૪,૭૨૪,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧,૭૦૦.૨૭ કરોડનાં ૭૦,૨૯૬ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૬૪.૧૬ કરોડનાં ૧૪,૭૮૪ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૭,૩૧૭.૬૧ કરોડનાં ૯૦,૩૦૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩,૭૭૨.૯૮ કરોડનાં ૧૩૨,૮૯૧ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૫.૦૮ કરોડનાં ૩,૭૪૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨૦.૫૧ કરોડનાં ૨૧૯.૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૨૪૮.૧૪૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૬૧૬.૧૧૫ ટન, તાંબાના વાયદાઓમાં ૩૦,૦૮૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૬૧૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૭,૦૯૬ ટન તથા જસત અને જસત-મિનીમાં ૧૮,૩૨૩ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૯,૫૫,૨૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩,૬૮,૨૯,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૬,૩૬૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૦૩.૭૬ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૨.૪૨ કરોડનાં ૧૩૩ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૬ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૯,૦૬૩ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૯,૦૬૩ અને નીચામાં ૧૮,૩૨૦ બોલાઈ, ૭૪૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૯૨ પોઈન્ટ ઘટી ૧૮,૩૪૮ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૧,૪૮,૭૧૬.૮૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૦૪,૮૪૩.૧૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૩,૩૬૯.૩૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૨૫,૪૮૭.૪૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૯૧,૬૧૮.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

DBT માધ્યમથી સહાય ચૂકવવા રાજ્યના ૦૯ વિભાગોની ૨૦૦થી વધુ યોજનાઓનું આધાર સાથે જોડાણ

# વિવિધ સેવાઓ અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં રાજ્યભરમાં રેકોર્ડ બ્રેક અંદાજે ૮૮ કરોડ 'આધાર ઓથેન્ટિકેશન' નોંધાયા

પ્રવર્તમાન સમયમાં અદ્યતન ઈન્ટરનેટ અને ટેકનોલોજીના ઉપયોગના પરિણામે આજે તમામ પ્રકારની માહિતી ઈન્ટરનેટ જગતના માધ્યમથી નાગરિકોના આંગળીના ટેરવે ઉપલબ્ધ છે. જન કલ્યાણકારી યોજનાનો લાભ છેવાડાના નાગરિકોને સરળ અને ઝડપી પહોચાડીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સુશાનની હરહમેંશ અનુભૂતિ કરાવવામાં આવે છે. જેના ફળશ્રુતિરૂપે રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા વિવિધ સેવાઓ અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં રાજ્યભરમાં અંદાજે ૮૮ કરોડ 'આધાર ઓથેન્ટિકેશન' નોંધાયા છે.

જ્યારે વિવિધ વિભાગોમાંથી સરેરાશ માસિક ૦૫ કરોડ અને દરરોજ સરેરાશ ૨૨ લાખ જેટલી આધાર ઓથેન્ટિકેશનની અરજી પર સફળતાપૂર્વક પ્રક્રિયા કરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૮ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૨ કરોડ તેમજ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ૪૮ કરોડ, એમ કુલ ૮૮ કરોડ 'આધાર ઓથેન્ટિકેશન' રાજ્યભરમાં નોંધાયા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ડિજિટલ ભારત'ના સ્વપ્રને રાજ્ય સરકાર 'ડિજિટલ ગુજરાત' થકી સાકાર કરી રહી છે. આ ડિજિટલ ગુજરાતના મંત્રને ચરિતાર્થ કરવા ગુજરાતના વિવિધ વિભાગો દ્વારા લાભાર્થીઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર- **DBT** માધ્યમથી સહાય ચૂકવવાના ઉમદા આશયથી વર્ષ ૨૦૨૨થી ૨૪ સુધીમાં રાજ્યની ૦૯ વિભાગોની ૨૦૦થી વધુ યોજનાઓની નોંધણી કરવામાં આવી છે.

**ફેસ ઓથેન્ટિકેશન એપ્લિકેશન**

ઓથેન્ટિકેશનના વેરિફિકેશનને વધુ સચોટ બનાવવાના ઉમદા હેતુથી ફેસ ઓથેન્ટિકેશન એપ્લિકેશન બનાવવામાં આવી હતી. જેના પરિણામે રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૨૨થી નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ફેસ ઓથેન્ટિકેશનની એપ્લિકેશનના માધ્યમથી ૬૦ લાખથી વધુ નાગરિકોની આધાર નોંધણી થઈ છે.

**સિંગલ સાઈન ઓન એપ્લિકેશન**

રાજ્યના નાગરિકો બહુવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ ઓનલાઈન ઘરે બેઠા લઈ શકે તે માટે સિંગલ સાઈન ઓન એપ્લિકેશન બનાવામાં આવી છે. નાગરિકોની ડિજિટલ ઓળખ સ્થાપિત કરવા સિટીઝન સ્ટેટ સિંગલ સાઈન- ઓન **(SSO)** સિસ્ટમ વિકસાવવામાં આવી છે. આ સિસ્ટમ આધાર, **PAN,** વિદ્યાર્થી આઈ.ડી., રેશન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ જેવી મુખ્ય સેવાઓને સંકલિત કરી આગવી ઓળખ બનાવે છે. જે સરકારી સેવાનો લાભ લેવા આંતર વિભાગો સાથે સુરક્ષિત ડેટા કેપ્ચર- શેયર કરશે. આ સિસ્ટમ થકી રાજ્યની સરકારી સેવાઓ-યોજનાઓનો લાભ નાગરિકોને આંગળીના ટેરવે મળી રહ્યો છે. સાથે જ આ પેપરલેસ વર્કના માધ્યમથી સમય અને ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૧મી સદી વિજ્ઞાનની સદી કહેવાય છે. આ સદીમાં રોટી, કપડા અને મકાનની સાથોસાથ ઈન્ટરનેટ પણ લોકોની મુખ્ય જરૂરીયાત બન્યું છે. ઈન્ટરનેટનો ઉપયોગ કરતા આપણે કેટલીવાર 'આધાર ઓથેન્ટિકેશન' શબ્દ સાંભળ્યો હશે પણ તમને ખબર છે. આધાર ઓથેન્ટિકેશન શું છે ? આધાર ઓથેન્ટિકેશન એ વ્યક્તિની ઓળખને માન્ય કરવાનું એક પ્રક્રિયાત્મક સાધન છે, જેમાં આધાર નંબર, વ્યક્તિના બાયોમેટ્રિક અથવા ડેમોગ્રાફિક વિગતોનો ઉપયોગ કરીને તેમની ઓળખની પુષ્ટિ કરવામાં આવે છે. આ પ્રક્રિયા યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા- **UIDAI** દ્વારા સુનિશ્ચિત કરવામાં આવે છે, જે નાગરિકોની વ્યક્તિગત માહિતીની ખરાઈ કરે છે. - પ્રવેશ ભંસાલી

# GPSC ના ઉમેદવારોની સંમતિ પત્ર ભરવાની પ્રક્રિયા થઈ શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

**GPSC** દ્વારા લેવામાં આવનારી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની આસિસ્ટન્ટ મેનેજરની કુલ ૧૮ જગ્યાઓ માટેની પરીક્ષાને લઈ સંમતિ પત્ર ભરાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આગામી ૧૯ જાન્યુઆરીના રોજ તેની પ્રાથમિક પરીક્ષા યોજાશે. જે માટે સંમતિ પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. ઉમેદવારો ૨૦ ડિસેમ્બરથી ૨૭ ડિસેમ્બર સુધી આ સંમતિ પત્ર સત્તાવાર વેબસાઈટ પરથી ભરી શકાશે.આ ભરતી માટેની પ્રાથમિક પરીક્ષાનું આયોજન અમદાવાદ અને ગાંધીનગરમાં કરવામાં આવ્યું છે. જેમાં ઉમેદવારોએ પહેલાં સંમતિ પત્ર ભરવું ફરજિયાત છે. જેના વિના ઉમેદવાર પરીક્ષા નહીં આપી શકે. આ સંમતિ પત્ર ભરવાની સાથે બિન અનામાત વર્ગના ઉમેદવારોએ ૫૦૦ રૂપિયા અને અનામત વર્ગે ૪૦૦ રૂપિયા ડિપોઝિટ ચુકવવી પડશે. જે ઉમેદવારોએ પરીક્ષા આપી હશે તેમને બાદમાં ડિપોઝિટ પરત મળી જશે. ઉમેદવારો સંમતિ પત્ર **https://gpsc-ojas.gujarat.gov.in** પરથી ભરી શકાશે. જે માટે ઉમેદવારે વેબસાઈટ પરના હોમ પેજ પર **'OTHER APPLICATION' MENU** માં જઈને **CONSENT FORM ...h click** કરવાનું રહેશે. ત્યારબાદ પોતાનો **CONFIRMA-TION NUMBER** અને **BIRTH DATE Œu{s CAPTCHA** વિગત ભરીને **OK** પર ક્લિક કરી **CONSENT DEPOSIT** કરી સંમતિ પત્ર ભરી શકાશે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ થતા પ્રશ્નોનો સત્વરે નિકાલ કરો- જિલ્લા કલેકટરશ્રી બી.એ.શાહ

(વડોદરા) કલેકટર કચેરી ખાતે મળેલી જિલ્લા સંકલન સહ ફરીયાદ નિવારણ સમિતિની બેઠકમાં કલેકટર શ્રી બી.એ.શાહે પ્રજાના પ્રતિનિધિઓ અને અધિકારીઓના સંકલન વડે પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ થાય તેની પ્રાથમિકતા આપવા પર ભાર મુકયો હતો. જન પ્રતિનિધિઓ દ્વારા જન સામાન્યને સ્પર્શતિ બાબતોની જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિને રજૂઆતો કરવામાં આવતી હોય છે. સંબંધિત વિભાગ દ્વારા આવી રજૂઆતોનો સત્વરે નિકાલ કરવા જિલ્લા કલેકટર શ્રી બી.એ.શાહે જણાવ્યું હતું.બેઠકમાં ધારાસભ્ય સર્વશ્રીઓ દ્વારા પ્રજાના પ્રતિનિધિ તરીકે પ્રજાની સમસ્યાઓનું નિરાકરણ સમયસર આવે તેવી રજુઆતો કરી હતી. જેમાં પીવાના પાણી, રસ્તાઓ, જમીન રી સર્વેની કામગીરી, કેનાલોની સાફસફાઈ, પુર સંરક્ષણ દિવાલ, દબાણો, ડ્રેનેજની મુશ્કેલી જેવા પ્રશ્નોની રજુઆત કરતાં સમય મર્યાદામાં યોગ્ય કાર્યવાહી કરવા જિલ્લા કલેકટરશ્રી શાહે સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓને જરૂરી સુચનાઓ આપી હતી. બેઠક દરમિયાન પેન્શન કેસોના નિકાલ, નાગરિકો દ્વારા કરવામાં આવેલી અરજીઓ, પડતર કાગળોના નિકાલ અંગે વિગતો સમીક્ષા કરતા જિલ્લા કલેકટરે ઉપર્યુકત બાબતોનો સમયમર્યાદામાં નિકાલ થાય એ અંગે તકેદારી રાખવા માટે તાકીદ કરી હતી. આ ઉપરાંત સરકારી લેણાની વસુલાત અંગે ચર્ચા કરતા કલેકટરે જણાવ્યું હતું કે, સરકારી લેણાની વસુલાતમાં ઝડપ કરવામાં આવે એ ખૂબ જરૂરી છે. આ ઉપરાંત સંકલન સમિતિના અન્ય મુદ્દાઓ અંગે પણ તેમણે ઝીણવટભરી સમીક્ષા કરી હતી. બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેકટર શ્રી બી.એસ.પટેલે કર્યું હતું. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગાયત્રીબા મહિડા, સંસદસભ્ય ડો.હેમાંગ જોશી, ધારાસભ્ય સર્વ શ્રી કેયુરભાઈ રોકડીયા, શ્રી ચૈતન્યસિંહ ઝાલા, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, શ્રી શૈલેષભાઈ મહેતા,જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરા, પોલીસ અધિક્ષક શ્રી રોહન આનંદ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી હિમાંશુ પરીખ, પ્રાંત અધિકારીશ્રીઓ સહિત જિલ્લાના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ

અમદાવાદમાં ઉત્સાહભેર ઊજવાયો પ્રથમ 'વિશ્વ ધ્યાન દિવસ'

# અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી, વસ્ત્રાલ, નિકોલ અને સરદારનગર અને વેજલપુર ખાતે 'વિશ્વ ધ્યાન દિવસ'ની ઉજવણી થઈ

૨૧ ડિસેમ્બરે 'વિશ્વ ધ્યાન દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો છે, ત્યારે સમગ્ર વિશ્વની સાથે સાથે અમદાવાદમાં પણ વિવિધ સ્થળોએ ધ્યાન શિબિરોનું આયોજન કરાયું હતું.

ગુજરાત યુનિવર્સિટી ખાતે શ્રી શિવકૃપાનંદ સ્વામીની પ્રેરક ઉપસ્થિતિમાં વિશ્વ ધ્યાન દિવસ ઊજવાયો હતો. આ ઉપરાંત અમદાવાદના વસ્ત્રાલ, નિકોલ અને સરદારનગર તેમજ વેજલપુર ખાતે પણ 'વિશ્વ ધ્યાન દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.





અમદાવાદના વસ્ત્રાલમાં આવેલા સામ્રાજ્ય પાર્ક ખાતે યોગગુરુ શ્રી મૌલિક બારોટ તેમજ સમર્પણ ધ્યાન સંસ્થાના સહયોગથી 'વિશ્વ ધ્યાન દિવસ' ઊજવવામાં આવ્યો હતો.

અમદાવાદના સરદાનગરમાં આવેલા સાધુ વાસવાની ઉદ્યાન ખાતે યોગ ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોર્પોરેટર, પતંજલિ સંસ્થા તેમજ ગાયત્રી પરિવારના સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ સાથે અમદાવાદના મેજર ઋષિકેશ રામાણી ગાર્ડન નિકોલ ખાતે પણ ધ્યાન યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ જિલ્લાના યોગ કોર્ડીનેટર નિરજાબહેન શુક્લા દ્વારા ખૂબ સરસ ધ્યાનાત્મક સાધના પદ્ધતિ દ્વારા ધ્યાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નિકોલ વોર્ડના કોર્પોરેટર વિલાસબેન દેસાઈ, યોગ કોર્ડિનેટર પ્રફુલભાઈ સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વેજલપુરમાં યોગ ગુરુ ગાર્ગીબેન તેમજ આર્ટ ઓફ લિવિંગના સહયોગથી ચાણક્ય કોમ્યૂનિટી હોલ ખાતે 'વિશ્વ ધ્યાન દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદમાં વિવિધ સ્થળો પર આયોજિત ધ્યાન શિબિરોમાં સૌ યોગ કોચ, યોગ ટ્રેનર, યોગ સાધકો અને મોટી સંખ્યામાં શહેરીજનોએ ભાગ લીધો હતો.

# નખત્રાણામાં ઝડપાયું નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવવાનું કૌભાંડ

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છમાંથી નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવવાનું કૌભાંડ ઝડપાયું.

નખત્રાણા તાલુકાના કોટડામાં ઝેરોક્ષની દુકાનધરાવનાર યુવાન લોકોને નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવી આપતો.

પોલીસને આ નકલીના કારોબારની માહિતી મળતા તપાસ હાથ ધરી હતી. અને આ યુવાને અત્યાર સુધી ૨૦ કરતાં પણ વધુ લોકોને નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવ્યા હોવાનો ખુલાસો થયો. નકલી ડ્રાઈવિંગ લાયન્સ બનાવવાના ગુનામાં પોલીસે ઝેરોક્ષના માલિક ૨૨ વર્ષીય યુવાનની ધરપકડ કરી. રાજ્યમાં નકલીનો કારોબાર વધ્યો છે.

નકલી ટોલનાકુ, નકલી જજ, નકલી પીએમઓ અધિકારી, નકલી ડિગ્રી, નકલી ડોક્ટર અને વધુ એક નકલી ડ્રાઈવિંગ લાયસન્સનું કૌભાંડ. કચ્છમાં નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવવાનું કૌભાંડ ઝડપાયું.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004.
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

શૈક્ષણિક સંસ્થા માટે તેના પૂર્વ વિદ્યાર્થીઓ તેની સૌથી મોટી સંપત્તિ છે : શ્રી આચાર્ય દેવવ્રત

# રાષ્ટ્રહિતના મુદ્દે આપણો દ્રષ્ટિકોણ પક્ષપાતી ન હોવી જોઈએ, આપણી પ્રવૃત્તિઓ માત્ર રાષ્ટ્રવાદથી પ્રેરિત હોવી જોઈએ : ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડ

પંજાબ યુનિવર્સિટીનું પાંચમું વૈશ્વિક પૂર્વ વિદ્યાર્થી સંમેલન : કુલાધિપતિ શ્રી જગદીપ ધનખડ અને પૂર્વ વિદ્યાર્થી-રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિ

પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢનું પાંચમું વૈશ્વિક પૂર્વ વિદ્યાર્થી સંમેલન સફળતાપૂર્વક યોજાયું હતું. આ પ્રસંગે ભારતના ઉપરાષ્ટ્રપતિ અને પંજાબ યુનિવર્સિટીનાં કુલાધિપતિ શ્રી જગદીપ ધનખડ અને યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી તથા ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનમાં યુનિવર્સિટીના ઘણા પ્રતિષ્ઠિત પૂર્વ વિદ્યાર્થીઓ અને અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા.



ભારતના ઉપરાષ્ટ્રપતિ તથા પંજાબ યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી જગદીપ ધનખડે આ પ્રસંગે જણાવ્યું કે, રાષ્ટ્રહિતના મુદ્દે આપણો દ્રષ્ટિકોણ પક્ષપાતી ન હોવો જોઈએ. આપણી પ્રવૃત્તિઓ માત્ર રાષ્ટ્રવાદથી પ્રેરિત હોવી જોઈએ. આપણે આ દેશમાં રાષ્ટ્રવાદ અથવા વિકાસની કિંમતે કોઈ જોખમ ઉઠાવી શકીએ નહીં.

દેશના નાગરિક હોવાના નાતે, એ આપણી મુખ્ય જવાબદારી છે કે, કોઈપણ અસામાન્ય પ્રવૃત્તિઓ આપણા વિકાસ માટે વિઘ્નરૂપ ન બને. આવી તાકાતો શક્તિશાળી હોય છે, કારણ કે તેઓ પાસે નાણાકીય શક્તિ છે, જે ઘણીવાર આકર્ષક બની શકે છે. આવા સમયે લોકો 'રાષ્ટ્ર પ્રથમ'ના સિદ્ધાંતને ના અનુસરણમાં ગફલત ના કરે. જ્યારે સામાન્ય ભારતીય આજે શાસનની સકારાત્મક નીતિઓનો સ્વીકાર કરે છે, ત્યારે તે સ્પષ્ટ થાય છે કે જે થઈ રહ્યું છે તે હવેથી વધુ થવું જોઈએ. શ્રી ધનખડજીએ એક પ્રેરક પ્રશ્ન પૂછ્યો કે, "શું આ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થીઓએ તેના સંસાધનો, પ્રતિભા અથવા ક્ષમતાનો ઉપયોગ આ સંસ્થાને પોષણ આપવા માટે કર્યો છે? હું આ આત્મવિશ્લેષણનો જવાબ આપ સૌ પર છોડું છું."

તેમણે કહ્યું કે, "આપણે આપણા ઇતિહાસના એક નિર્ણાયક વળાંકે છીએ. આપણે ભારતીય બંધારણને અપનાવ્યાની સદીના અંતિમ તબક્કામાં પ્રવેશ કર્યો છે. આ યોગ્ય સમય છે કે, આ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થીઓ આ મુદ્દે નિર્ણય લે. આપણે સંકલ્પ લઈને જઈશું કે દર વર્ષે પંજાબ યુનિવર્સિટી માટે યોગદાન આપીશું."

પંજાબ યુનિવર્સિટીના પાંચમા વૈશ્વિક પૂર્વ વિદ્યાર્થી સંમેલનમાં ગુજરાતના રાજ્યપાલ તથા પૂર્વ વિદ્યાર્થી શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, કોઈપણ શૈક્ષણિક સંસ્થા માટે તેના પૂર્વ વિદ્યાર્થી તેની સૌથી મોટી સંપત્તિ છે." તેમણે કહ્યું કે યુનિવર્સિટી માત્ર શિક્ષણનું કેન્દ્ર નથી, પરંતુ તે તીર્થસ્થળ છે જ્યાંથી વિદ્યાર્થીઓ પોતાના જીવનની દિશા નક્કી કરે છે.

તેમણે પૂર્વ વિદ્યાર્થીઓને પ્રેરિત કરતાં કહ્યું કે, તમે બધાએ આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી પોતાના કાર્યક્ષેત્રમાં નામના પ્રાપ્ત કરી છે. આજે તમે જે પ્રેરણા બનીને અહીં આવ્યા છો, તેનો લાભ વર્તમાન વિદ્યાર્થીઓને જરૂરથી મળશે. તમારો અનુભવ તેમના જીવનમાં સુધારા લાવવામાં મદદરૂપ થશે. તમારાં અનુભવ હાલના વિદ્યાર્થીઓ સાથે શેર કરો અને તેમને માર્ગદર્શન આપો.

આ પ્રસંગે શ્રીમતી ડૉ. સુદેશ ધનખડ, પંજાબ યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડૉ. રેણુ વિગ, પૂર્વ રાજ્યપાલ શ્રી કે.કે. પોલ, દ્રઉઈક્ષ્ણ પૂર્વ મહાનિર્દેશક શ્રી અતુલ કરવાલ, અને પ્રખ્યાત પત્રકાર, લેખક તથા મીડિયા નિષ્ણાત શ્રી શેખર ગુપ્તા તેમજ અન્ય પૂર્વ વિદ્યાર્થીઓ અને અતિથિગણ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી આચાર્ય દેવવ્રતએ પ્રાચીન ભારતીય પરંપરાઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, આપણા ગુરુકુલોમાં વિદ્યાર્થીઓને જીવન મૂલ્યોનું શિક્ષણ આપવામાં આવતું હતું. તેમણે જ્ઞાનના પ્રસાર પર ભાર મૂકતાં જણાવ્યું કે, "શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ માત્ર જ્ઞાન મેળવવું એટલો જ નથી, પરંતુ તે જ્ઞાનનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કરવો છે તે છે.

તેમણે જણાવ્યું કે, પ્રાચીન ભારતમાં જ્યારે સમાવર્તન સંસ્કારના અંતે વિદ્યાર્થી ગુરુકુલ છોડી ને જાય છે, ત્યારે ગુરુ તેમને ઉપદેશ આપે છે - સત્યનું આચરણ કરવું, ધર્મ એટલે કે કર્તવ્યનું પાલન કરવું અને જ્ઞાનનો સ્વાધ્યાય કરવો અને તે જ્ઞાનને વહેંચવું.

તેમણે એક પ્રેરણાદાયક કથા પણ કહી, જેમાં ચકલી અને વાંદરાના માધ્યમથી તેમણે કર્મ અને નિષ્ઠાનું મહત્વ સમજાવ્યું. આપણે કરેલું દરેક કાર્ય મહત્વનું છે. આપણી મહેનત અને નિષ્ઠાથી આપણે માણસજાતની સેવા માટે કેટલું યોગદાન આપીએ છીએ, તે જ આપણા જીવનનું સાચું મૂલ્ય છે.

તેમણે ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જી એ આપેલા 'વિકસિત ભારત'ના સંકલ્પને સમર્થન આપતાં જણાવ્યું કે, આ સંકલ્પમાં આપણે સૌએ આપણું યોગદાન સુનિશ્ચિત કરવું જોઈએ. તેમણે પૂર્વ વિદ્યાર્થીઓને અપીલ કરી કે, યુનિવર્સિટી અને દેશના ગૌરવની જાળવણી માટે સતત પ્રયત્નશીલ રહો. તેમણે તમામ પૂર્વ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા અને મંચ પર ઉપસ્થિત સૌ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ સંમેલને પૂર્વ વિદ્યાર્થીઓને પુનઃ યુનિવર્સિટી સાથે જોડાવા માટે મંચ પૂરું પાડ્યું હતું અને વિશ્વ વિદ્યાલયની વર્તમાન તેમજ ભાવિ પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બનવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની પ્રોત્સાહક ઉપસ્થિતિ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નારેડકો દ્વારા આયોજિત પ્રોપર્ટી ફેસ્ટની મુલાકાત લીધી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ ખાતે અમદાવાદ નેશનલ રિયલ ડેવલપમેન્ટ કાઉન્સિલ (NAREDCO) દ્વારા સૌપ્રથમ વાર આયોજિત વિશાળ પ્રોપર્ટી ફેસ્ટની મુલાકાત લીધી હતી.




આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ધ્યેય છે કે દેશમાં દરેક લોકોને માથે છત મળે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશમાં દરેક ક્ષેત્રે વિકાસ થઈ રહ્યો છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ એફોર્ડેબલ હાઉસિંગનો અર્થ સમજાવી કહ્યું કે નાનામાં નાના માણસને પણ પોસાય તેવા ભાવે પોતીકું મકાન મેળવવા પ્રધાનમંત્રી આવાસ યોજનાને વડાપ્રધાને પ્રાથમિકતા આપી છે.

વધુમાં મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રી દ્વારા વર્ષ ૨૦૨૫ સુધીમાં ટી.બી. મુક્ત ભારતના કરેલા નિર્ધારમાં સૌને જોડાવા આહ્વાન કર્યું હતું. આ આહ્વાનનો ત્વરિત પ્રતિસાદ આપતાં નારેડકોએ પાંચ હજાર પોષણ કિટની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના નિર્માણમાં સૌ સહભાગી થાય તેવી અપીલ કરી હતી. આ પ્રસંગે સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે, સ્થિર સરકાર અને વિઝનરી લીડરશિપને કારણે ગુજરાત આજે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી વિકાસની પરંપરા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના કાર્યકાળમાં જળવાઈ રહી છે, તેવું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું કે, આજે રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે મોટી સંખ્યામાં રોકાણો થઈ રહ્યાં છે, જે દર્શાવે છે કે ગુજરાત ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ ઈકોનોમી ધરાવતું રાજ્ય છે. મંત્રીશ્રીએ ગ્રીન ગુજરાત અને ગ્લોબલ ગુજરાતનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આગામી દિવસોમાં ગુજરાત વિકાસની નવી સીમાઓ પાર કરશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ સહિતના મહાનુભાવોએ પ્રોપર્ટી ફેસ્ટમાં વિવિધ રીઅલ એસ્ટેટ ગ્રૂપના સ્ટોલ્સની મુલાકાત લીધી હતી અને ૩૬૦° ડિગ્રી અમદાવાદનો શો નિહાળ્યો હતો. કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના નેજા હેઠળની NAREDCO સંસ્થા દ્વારા આયોજિત ત્રિ-દિવસીય પ્રોપર્ટી ફેસ્ટ રોકાણકારો, ઘર ખરીદનારાઓ અને પ્રોપર્ટીમાં રસ ધરાવનારા લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. વધુમાં આ પ્રોપર્ટી ફેસ્ટમાંથી પ્રોપર્ટી ખરીદનારને ૦% સ્ટેમ્પ ડયુટીનો લાભ મળશે. આ પ્રોપર્ટી ફેસ્ટમાં ૬૦થી વધુ રીઅલ એસ્ટેટ ગ્રૂપે ભાગ લીધો હતો અને ૪૦૦થી પણ વધુ પ્રોપર્ટીઓ દર્શાવવામાં આવી હતી.આ પ્રસંગે ધારાસભ્ય શ્રી હસમુખભાઈ પટેલ, NAREDCOના નેશનલ ચેરમેન શ્રી નિરંજન હીરાનંદાની, પ્રેસિડેન્ટ શ્રી હરિબાપુ, ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ શ્રી સુરેશ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી યોગેશ ભાવસાર, સેક્રેટરી શ્રી દીપક પટેલ સહિતના સભ્યશ્રીઓ અને સંસ્થા સાથે જોડાયેલા લોકો અને મોટી સંખ્યામાં રિઅલ એસ્ટેટના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં કર્મુતા બાદ સંગઠન તથા સરકારમાં થનારી ઉથલ પાથલ : મંત્રી મંડળનુ વિસ્તરણ થાય તેવી શકયતાઓ : કર્મુતા બાદ દિલ્હી થી નિરીક્ષકોની આવશે ટીમ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના મંત્રી મંડળમાં છેલ્લા કેટલાય સમયથી ધારાસભ્યો કાગડોળે મંત્રી બનવાની રાહ જોઈને ઉભા છે, ત્યારે આ ધારાસભ્યો માટે હવે મંત્રી બનવાના સપના સાકાર થાય તેવુ ચોક્કસ લાગી રહ્યુ છે. કારણ કે ગુજરાતમાં કર્મુતા બાદ સંગઠન અને સરકારમાં ઉથલ પાથલ એટલે કે મંત્રી મંડળનુ ચોક્કસ વિસ્તરણ થાય તેવુ ભાજપના ટોચના સુત્રોએ જણાવ્યુ છે. ગુજરાત ભાજપના નવા સંગઠનને લઈને કવાયત તેજ બની છે આ માટે કમલમમાં સતત બેઠકોનો દોર ચાલી રહ્યો છે. કોણ બનશે મંડળ પ્રમુખ, કોણ બનશે ભાજપ પ્રદેશ પ્રમુખ તે અંગે હાલ વિવિધ અટકળો ચાલી રહી છે. પરંતુ કોઈ સ્પષ્ટ નામ સામે આવ્યુ નથી ત્યારે કર્મુતા ઉતર્યા બાદ જાન્યુઆરી મહિનાના બીજા અઠવાડીયામાં દિલ્હી થી પ્રદેશ ભાજપના નવા અધ્યક્ષની પસંદગી પ્રક્રિયા માટે નિરીક્ષકોની ટીમ ગુજરાત આવશે. ભાજપના ટોચના સુત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર ભાજપમાં કર્મુતા ઉતરવાની રાહ જોવાઈ રહી છે. કર્મુતા બાદ હાલના ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલને તેમની જવાબદારીમાંથી મુકત કરી દેવાશે આ સાથે જ નવા નામની જાહેરાત થઈ શકે છે. નવા નામની જાહેરાતની સાથે જ નજીકના દિવસોમાં મંત્રી મંડળનુ વિસ્તરણ કરી કેટલાક મંત્રીઓનો સંગઠનમાં સમાવેશ કરવામાં આવી શકે છે. આ ઉપરાંત ભાજપના મહાનગરોમાં વોર્ડ અને ગ્રામીણ ક્ષેત્રોમાં મંડળ પ્રમુખની વરણીની પ્રોસેસ ચાલુ થઈ ગઈ છે. ભાજપના કેન્દ્રીય નેતૃત્વએ વોર્ડ અને મંડળ પ્રમુખોની ચુંટણી પ્રક્રિયા અટકાવી દીધી છે. હાલ વોર્ડ અને મંડળ પ્રમુખોની ચાલી રહેલી પસંદગી પ્રક્રિયા પર કેન્દ્રીય નેતૃત્વની બ્રેક લાગી છે. પરંતુ કર્મુતા ઉતરતાજ બધુ ફરી શરૂ થઈ જશે. ભાજપનું પોતાના સંગઠન માટેના નવા સિમાંકનનુ આયોજન કરી રહ્યુ છે. મંડળ કક્ષાના સંગઠનનુ વિસ્તરણ કરવાની પાર્ટીની યોજના છે હાલ ભાજપમાં આંતરીક રીતે ૫૮૦ મંડળ અસ્તિત્વમાં છે જેને વધારીને ૮૦૦ કરવાનુ આયોજન છે તેવુ સુત્રો દ્વારા કહેવામાં આવ્યુ છે તો સાથે જ કેટલાક વર્તમાન મોટા વિસ્તારોને વહેચીને નાના મંડળ બનાવવાનુ પ્લાનીંગ ચાલી રહ્યુ છે. શહેરી અને ગ્રામીણ વિસ્તાર મુજબ સંગઠન કક્ષાએ નવુ સીમાંકન કરી અન્ય કાર્યકરોને પણ પક્ષમાં હોદ્દા મળે એવી વિચારણા છે . નવા સંગઠનની રચના સાથે જોડાયેલા કેટલાક ટોચના નેતાઓએ કહ્યુ હતુ કે જાન્યુઆરીના પહેલા અઠવાડીયા સુધીમાં ૫૦ ટકા થી વધુ મંડળ પ્રમુખો સાથેનુ સંગઠન રચાયા બાદ ૧૭ મહાનગરો અને ૩૩ જિલ્લાના પ્રમુખો પૈકી ૫૦ ટકા સંગઠનની રચના કરવાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. આ ટાઈમ લાઈનને આધારે જાન્યુઆરીના બીજા અઠવાડીયાથી પ્રદેશ પ્રમુખની નિયુકતી કરવા માટે દિલ્હી થી નિરીક્ષકોની ટીમ આવશે. આ ટીમ નવા પ્રદેશ પ્રમુખની વરણી માટે કામગીરી આરંભી લેશે.

# હવે સરકારી કામ માટે કેવાયસી નહી આપવુ પડે : સરકાર હવે વેરીફીકેશન માટે નવી સિસ્ટમ લાવવા જઈ રહી છે

પ્રતિનિધિ,ગાંધીનગર

દરરોજ આધારકાર્ડનો ડેટા લીક થવાના અને પાનકાર્ડ નંબર જાહેર થવાના બનાવો બને છે ઘણી વખત એવા સમાચાર આવે છે કે સાયબર ગુન્હેગારો ડાર્ક વેબ ઉપર તમારા જેવા લાખો લોકોના આધાર,પાનકાર્ડ અને બેંન્ક એકાઉન્ટ નંબર માટે બોલી લગાવી રહ્યા છે. આના કારણે તમે ડીઝીટલ અને કયારેક નાણાંકીય જોખમોનો શિકાર બનો છો. આવા જોખમોની વાતો ને સમાપ્ત કરવા માટે કેન્દ્ર સરકાર એક નવી સિસ્ટમ લાવવા જઈ રહી છે. જે સામાન્ય લોકો માટે ડેટા બ્રિચ જેવા શબ્દોને ઘણી હદ સુધી દુર કરશે. ભારત સરકાર ૨૦ જાન્યુઆરી પછી સી કેવાયસી એટલે કે સેન્ટ્રલ કેવાયસી નામની નવી સિસ્ટમ લાગુ કરવા જઈ રહી છે. આ સેન્ટ્રલ કેવાયસી ગ્રાહક રેકોર્ડસ રજીસ્ટ્રી હેઠળ કામ કરશે. તેના સંપૂર્ણ અમલીકરણ પછી , કોઈપણ સરકારી કામ માટે કેવાયસી દસ્તાવેજોની હાર્ડ કોપી આપવાની કયારેય જરૂર રહેશે નહી. ડીજી લોકર દ્વારા તેને વેરીફાય કરવાની પણ જરૂર રહેશે નહી. તેની ચકાસણી ભારત સરકારની ઓનલાઈન સીકેવાયસી સિસ્ટમ દ્વારા જ થઈ શકે છે. આ માટે સરકારની સી કેવાયસી સિસ્ટમ હેઠળ નોંધાયેલા આઈપી એડ્રસ અથવા લોગીન પાસવર્ડ દ્વારા જ એકસેસ શકય બનશે. અધિકૃત વ્યકિત સિવાય, જો કોઈ વ્યકિત કેન્દ્રીય કેવાયસી સિસ્ટમમાંથી કોઈના આધાર અથવા પાનકાર્ડ અથવા કોઈપણ કેવાયસી નંબર જાણવા માંગે છે તો તેને ફકત છેલ્લા ચાર અંક જ દેખાશે. તેને ડાઉનલોડ પણ કરી શકાતુ નથી. આ કરવા પાછળ સરકારનો હેતુ કેવાયસી દસ્તાવેજોના દુરુપયોગને મોટા પ્રમાણમાં રોકવાનો છે. બેંકો અને નાણાંકીય સંસ્થાઓ અને અન્ય એજન્સીઓ ભારત સરકારના સી કેવાયસી પ્રોજેકટને લાગુ કરવા માટે ખુબ જ ઝડપથી કામ કરી રહી છે. અગાઉ આ માટેની તૈયારી કરવાની સમયમર્યાદા ૧૬ ડીસેમ્બર નક્કી કરવામાં આવી હતી પરંતુ કામની જટીલતાને ધ્યાનમાં રાખીને ભારત સરકારે તેને ૨૦ ડીસેમ્બર સુધી લંબાવી હતી. નોંધનીય છે કે સેન્ટ્રલનો યોર કસ્ટમર અથવા સીકેવાયસી એ ભારત સરકાર દ્વારા ૨૦૧૬ માં શરૂ કરવામાં આવેલ સીંગલ ગ્રાહક ઓળખ સિસ્ટમ છે. તે રોકાણકારોની કેવાયસી માહિતીને એક સાથે લાવે છે. જે બેંકો, મ્યુચ્યુઅલ ફંડ્સ, વિમા કંપનીઓ અને અન્ય સંસ્થાઓ માટે નાણાંકીય ખાતા ખોલવા અને ડુપ્લીકેશન ઘટાડીને વિવિધ સેવાઓનો ઉપયોગ કરવાનુ સરળ બનાવે છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલા ખાતે ઉજવાયો ''વિશ્વ ધ્યાન દિવસ''

# ભારતીય યોગ અને ધ્યાન માનવજાત માટે આશાની એક નવી દિશા, સમગ્ર વિશ્વ અને ભારતભરમાં સૌપ્રથમવાર ધ્યાન દિવસની ઉજવણી

માહિતી બ્યુરો, સુરેન્દ્રનગર:

ભારત અને સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ વખત વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરવામાં આવી છે ત્યારે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાનાં ચોટીલા તાલુકામાં ''વિશ્વ ધ્યાન દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. ભાવી પેઢી તંદુરસ્ત બને અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકાય તે હેતુસર શહેરની એન. એન. શાહ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે ધ્યાન શિબિર યોજવામાં આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લાના યોગ કોર્ડીનેટરશ્રી મોનિકા ચુડાસમા દ્વારા આયોજિત આ ધ્યાન શિબિરમાં બ્રહ્માકુમારી સંસ્થા તેમજ યોગકોચ ભારતીબેન કવૈયા, સોશિયલ મીડિયા કોર્ડીનેટર પરેશભાઈ પરમાર, યોગ ટ્રેનર જલકબેન માંડલિયા તથા દર્શિતાબેન અને રૂખડભાઈનાં સહયોગ દ્વારા મોટી સંખ્યામાં લોકોએ ધ્યાનની અનુભૂતિ કરી હતી. ઉલ્લેખનીય છે કે, આજના ઝડપી યુગમાં, જ્યારે આખુંવિશ્વ તણાવ, અનિશ્ચિતતા અને સ્પર્ધાઓથી ઘેરાયુંલુ છે, ત્યારે ભારતીય યોગ અને ધ્યાન માનવજાત માટે આશાની એક નવી દિશા દર્શાવે છે. આપણા ઉપનિષદો, ભગવદ ગીતા અને પતંજલિ યોગસૂત્ર જેવા શાસ્ત્રોમાં ધ્યાન અને યોગની મહાનતા દર્શાવવામાં આવી છે. યોગ અને ધ્યાનએ મનને એકચિત્ત રહે છે. લોકોના મન અને વર્તનમાં સકારાત્મક પરિવર્તન આવે છે. ધ્યાન એ દેશ અને વિદેશમાં ખૂબ જ પ્રચલિત છે. યોગ એ ધ્યાનનું જ એક માધ્યમ છે. ભારત હંમેશા સમગ્ર વિશ્વ માટે પ્રેરણારૂપ રહ્યું છે. ત્યારે ભારત સરકારના સૂચન અને પ્રયાસોના પરિણામે યુનાઈટેડ નેશન્સ(UN) દ્વારા ૨૧ ડિસેમ્બરનાં દિવસને ''વિશ્વ ધ્યાન દિવસ'' તરીકે જાહેર કરવામાં આવ્યો છે, જે ભારત માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે. આ કાર્યક્રમમાં પદાધિકારીઓ, મુખ્ય અતિથિ યુવા વિકાસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ અધિકારીશ્રી શ્રી ભરતસિંહ ગોહિલ, ચોટીલા મામલતદાર શ્રી પી.બી. જોશી, શાળાનાં પ્રિન્સીપાલ શ્રી કિરીટસિંહ રહેવર, બ્રહ્માકુમારી સંસ્થાનાં ભાનુભાઈ ખાવડ તથા રાઘુભાઈ ખાવડ તથા અન્ય અધિકારીશ્રીઓ, કમર્ચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાનશ્રીએ ૨૦૨૫ સુધીમાં ટી.બી. મુક્ત ભારતનો કરેલો નિર્ધાર સાકાર કરવા ગુજરાત ટાર્ગેટેડ એપ્રોચ સાથે પ્રતિબદ્ધ છેઃ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ

ભારતને ૨૦૨૫ સુધીમાં ટી.બી. મુકત બનાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા નિર્ધારને સાકાર કરવા ગુજરાત ટાર્ગેટેડ એપ્રોચની પ્રતિબદ્ધતા સાથે આગળ વધ્યું છે તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાએ ''૧૦૦ દિવસ સઘન ટી.બી. નિર્મૂલન ઝુંબેશ'' અંતર્ગત દેશના રાજ્યોમાં થયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા માટે યોજેલી વિડિયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરથી સહભાગી થયા હતા.

આ વિડીયો કોન્ફરન્સમાં દેશના રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ તથા આરોગ્ય મંત્રીશ્રીઓએ જોડાઈને પોતાના રાજ્યોમાં હાથ ધરાઈ રહેલી કાર્યવાહીથી કેન્દ્રીય મંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં તા. ૭ ડિસેમ્બર ૨૦૨૪થી આ ઝુંબેશનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ૧૬ જિલ્લા અને ૪ મહાનગર પાલિકા વિસ્તારનો આ ઝુંબેશમાં સમાવેશ કરવામાં આવેલો છે તેની ભૂમિકા આપી હતી.

તેમણે કહ્યું કે, આ ઝુંબેશ અંતર્ગત ૩૩.૯૨ લાખ જેટલી હાઈ રિસ્ક વસ્તીનું મેપિંગ અને ૪.૪૨ લાખનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે આ ઉપરાંત ૩૪ હજારથી વધુ એક્સ-રે તપાસ પણ કરવામાં આવેલી છે.

કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાએલી આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ ટી.બી.ના નવા કેસ ઝડપથી શોધવા તથા નવા તમામ કેસોને સારવાર પર મૂકી મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો લાવવાનો છે. સ્ક્રિનિંગ દરમિયાન શોધાયેલા દર્દીઓને સારવાર, નિક્ષય પોષણ યોજનાનો લાભ આપવો તેમજ નિક્ષય મિત્ર દ્વારા દત્તક લઈને પોષણ કીટ અપાવવી અને ટી.બી.નો ચેપ ધરાવતા વ્યક્તિઓને પ્રિવેન્ટીવ ટ્રીટમેન્ટ વગેરે જેવી કામગીરી રાજ્યમાં હાથ ધરવામાં આવી છે તેની પણ મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં વિગતો પૂરી પાડી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું કેમ, રાજ્યમાં એક પણ દર્દી નિક્ષય મિત્ર સાથે જોડાવાથી વંચિત ન રહે તે સરકાર સુનિશ્ચિત કરશે આ હેતુસર દ્વર્ય, પ્રતિષ્ઠિત ઉદ્યોગો, સમાજસેવી અગ્રણીઓને પણ નિક્ષય પોષણ કીટ વિતરણમાં જોડવાની નેમ તેમણે દર્શાવી હતી.

રાજ્યમાં ૨,૭૦૬ જેટલી નિક્ષય શિબીરો યોજવામાં આવી છે તથા કુલ ૧૦,૧૩૨ નિક્ષય મિત્રો દ્વારા ૩ લાખ ૨૧ હજાર પોષણ કિટ આપવામાં આવી છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, ગોવા સહિતના રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓએ પોતાના રાજ્યોમાં ટી.બી. નિર્મૂલન ઝૂંબેશની થયેલી કામગીરીનું વિવરણ કર્યુ હતું.

ગાંધીનગરથી આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રીશ્રી સાથે આરોગ્ય અગ્રસચિવ શ્રી ધનંજય દ્વિવેદી, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, આરોગ્ય કમિશનર શ્રી હર્ષદ પટેલ અને દ્રઉઁઈસ્ના મિશન ડિરેક્ટર શ્રી રેમ્યા મોહન પણ જોડાયા હતા.

# વડોદરા જિલ્લામાં વેરા નિરીક્ષક વર્ગ- ૩ ની પરીક્ષા ૧૯ પરીક્ષા કેન્દ્રો પર અનાધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ

(વડોદરા) વડોદરા શહેરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ની પરીક્ષા તા.૨૨/૧૨/૨૦૨૪ ના રોજ પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા દરમિયાન કોઇ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે, તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષામાં ગેરરીતિઓ અટકાવવા વડોદરા પોલીસ કમિશ્નરશ્રીએ જાહેરનામું પ્રસિદ્ધ કરી કેટલાક પ્રતિબંધો ફરમાવ્યા છે. તદનુસાર વડોદરા શહેરના જુદા-જુદા કેન્દ્રો જેમાં ધ ન્યુ ઈરા ગર્લ્સ હાઈસ્કુલ -કારેલીબાગ, શ્રી નારાયણ વિદ્યાલય-વારસીયા,લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલય-કારેલીબાગ,નુતન વિદ્યાલય- સમા,સરસ્વતી વિદ્યાલય-ફતેગંજ,ઉર્મી ઇંગ્લીસ મિડીયમ સ્કુલ-સમા,સર્વ મંગલ વિદ્યાલય-હરણી,વિદ્યા વિકાસ વિદ્યાલય-ગોરવા, તેજસ વિદ્યાલય-ગોરવા,વિદ્યુત બોર્ડ વિદ્યાલય-અકોટા,કેળવણી ટ્રસ્ટ વિદ્યાલય-અકોટા, સત્યનારાયણ વિદ્યાલય-ગોરવા, વિભાગ-૨ સી.કે.પ્રજાપતિ વિદ્યાલય- ગોરવા,એલેમ્બિક વિદ્યાલય -ગોરવા,શ્રી અંબે વિદ્યાલય-કપુરાઈ,શ્રી સ્વામી વિવેકાનંદ વિદ્યાલય-પાણીગેટ, બરોડા પબ્લિક સ્કૂલ-પાણીગેટ, એસ.એસ.વી. સ્કુલ-૨- પાણીગેટ,ન્યુ ઈરા હાઈસ્કુલ-મકરપુરા ખાતેના કેન્દ્રોમાં પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા.૨૨/૧૨/૨૦૨૪ ના રોજ પરીક્ષા સમય કેન્દ્રની અંદર કોઈ પણ વ્યક્તિએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન, વાયરલેસ સાહિત્ય વગેરે લઇ જવા ઉપર કે ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુબાજુમાં ૧૦૦ મીટરના અંતરમાં પરીક્ષા દરમિયાન ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહીં. પરીક્ષા કેન્દ્રની બહાર ૧૦૦ મીટરના અંતરમાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકશે નહીં કે લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં. આ ઉપરાંત પરીક્ષાના દિવસે વીજ પુરવઠો ખોરવાઈ નહીં તે માટે ખોદકામ કરવું નહીં, એવું અધિક જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામામાં જણાવાયું છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે. જો કે પરીક્ષા ફરજમાં રોકાયેલા ગુજરાત જાહેર સેવા આયોગ,ગાંધીનગર દ્વારા અધિકૃત અધિકારીઓ પોતાની વિધિસરની ફરજો દરમિયાન ફોનનો ઉપયોગ કરી શકશે.

જંત્રી સામે સરકારને ૫૩૦૨ વાંધા સુચનો મળ્યા

# સુચિત જંત્રી દર વધારા સામે વિરોધ બાદ હવે દર વરસે ૨૫ ટકા લેખે વધારો કરવાની ફોર્મ્યુલા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે નવી જંત્રી માટે સુચિત દર જાહેર કર્યા છે અને લોકો પાસેથી વાંધા સુચનો મંગાવ્યા છે. સરકારને અત્યાર સુધીમાં ૫૩૦૨ જેટલા વાંધા સુચનો મળ્યા છે દરમિયાન ક્રેડાઈ સહિત બિલ્ડરોએ પણ ભારે વિરોધ કર્યો છે. જંત્રીના નવા દર સામે રાજયભરમાં વિરોધ ઉઠવા પામ્યો છે. નવી જંત્રીથી અનેક મુશ્કેલી અને વિટંબણાઓ સર્જાશે ત્યારે રાજય સરકાર દર વરસે ૨૫ ટકા લેખે જંત્રી દર વધારવાની ફોર્મ્યુલા વિચારી રહી હોવાનુ કહેવાય છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે રીયલ એસ્ટેટ ડેવલપર્સ અને જાહેર જનતાના પ્રચંડ વિરોધને ધ્યાનમાં લેતા ગુજરાત સરકાર જંત્રીના દરોમાં આગામી ૩ વરસ સુધી સમયાંતરે વધારો કરવાની દરખાસ્ત રજુ કરવા વિચારી રહી છે. આમ તો જંત્રીના નવા દરો જાહેર થઈ ચુકયા છે પરંતુ કેટલાક વિસ્તારોમાં તો ૧૦૦ ટકા કરતા પણ વધુ વધારો કરાયો છે. આ તમામ સંજોગોને ધ્યાનમાં લેતા રાજય સરકાર મહારાષ્ટ્રની જેમ આગામી ૩ વરસ માટે પ્રત્યેક વરસે જંત્રીના દરોમાં ૨૫ ટકા નો વધારો કરવા વિચારી રહી છે. રાજય સરકારે સત્તાવાર રીતે ગત ૨૦ નવેમ્બર ના રોજ જંત્રીના દરો જાહેર કર્યા હતા સરકારે આ દરોને જાહેર જનતા માટે પબ્લીક ડોમેઈન માં મુકયા હતા અને તમામ સંબંધિત પક્ષકારો પાસેથી તેને લગતા વાંધા વિરોધ અને સુચનો પણ મંગાવ્યા હતા. આ દરો સામે વાંધો વિરોધ નોંધાવવા માટે આરંભમાં એક મહિનાની મુદત આપવામાં આવી હતી. પરંતુ સંબંધિત પક્ષકારોએ સુચનો આપવા માટે મુદતમાં વધારો કરવાની માંગ કરતા આ મુદત વધારીને ૨૦ જાન્યુઆરી સુધીની કરી દેવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન સરકારને ઘણી બધી ફરીયાદો મળી છે જેમાં પક્ષકારોએ વાંધો ઉઠાવ્યો હતો કે જાહેર કરાયેલા જંત્રીના દરો તદ્દન ગેરવ્યાજબી અને બિન તાર્કિદ છે અને તેમાં આડેધડ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. રીયલ એસ્ટેટ ડેવલપર્સની સંસ્થા ક્રેડાઈ પણ નવા જંત્રીના દરો સામે સખત વાંધો ઉઠાવ્યો હતો અને માંગ કરી હતી કે સુચનો અને વાંધા વિરોધ નોંધાવવા માટેની મુદત વધારીને ૩૧ માર્ચ સુધી વધારવી જોઈએ. ક્રેડાઈએ કહ્યુ હતુ કે રાજયમાં ૪૦ હજાર જેટલા વેલ્યુઝોન આવેલા છે અને તેનો અભ્યાસ હાથ ધરવાનો હવે સમય પાકી ગયો છે. સરકાર દ્વારા જાહેર કરાયેલા નવા દરો ડેવલપર્સને તો અસર કરશે જ પરંતુ તેનાથી ખેડુતોને પણ મોટુ નુકશાન થઈ શકે છે. જાહેર કરાયેલા દરોના માળખાનો એકવાર વિગતવાર અભ્યાસ પૂર્ણ થાય ત્યારબાદ તેની રજુઆત કરવા માટે પણ વધુ સમયની જરૂર પડશે. જંત્રી સામે સરકારને ૫૩૦૨ વાંધા સુચનો મળ્યા છે. ગુજરાતમાં સરકારે જાહેર કરેલા નવા સુચિત જંત્રી દર વધારા સામે રાજય વ્યાપી વિરોધ વંટોળ ઉઠયો છે અને વાંધા સુચનોના ઢગલા થયા છે. રાજય સરકાર સમક્ષ અત્યાર સુધીમાં ૫૩૦૨ વાંધા રજુ થયા છે. તેની મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા સમિક્ષા કરવામાં આવી હતી.

# સાબરકાંઠા જિલ્લા બાર એસોસીએશનના પ્રમુખ તરીકે રાજેન્દ્રકુમાર શર્માનો વિજય

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



સાબરકાંઠા જિલ્લા બાર એસોસીએશન વકીલ મંડળની ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે કમિટીના નવા હોદ્દેદારોની જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે ચુંટણી યોજાઈ હતી જેમાં સાબરકાંઠા જિલ્લા બાર એસોસીએશનમાં નોંધાયેલા અને પ્રેકટીસ કરતા તમામ સીનીયર વકીલ અને જુનિયર વકીલ મિત્રો હાજર રહેલા અને વર્ષ ૨૦૨૪-૨૫ માટે સાબરકાંઠા જિલ્લા બાર એસોસીએશન ના નવા હોદ્દેદારોની ગઈ કાલે ચુંટણી યોજાઈ હતી. જેમાં જિલ્લા બાર એસોસીએશનના પ્રમુખ રાજેન્દ્રકુમાર વિશ્વંભરદયાલ શર્મા અને ઉપપ્રમુખ જયદીપકુમાર પ્રવિણચંદ્ર નાયક, સેક્રેટરી અમરતભાઈ મોતીભાઈ પ્રજાપતિ, જોઈન્ટ સેક્રેટરી ધનંજયસિંહ દિગ્વિજયસિંહ ચંપાવત અને ખજાનચી જય શંકરભાઈ પ્રજાપતિ ચુંટાયા હતા જયારે ઉપપ્રમુખ (બાર લો લાઈબ્રેરી) રાકેશકુમાર દલપતભાઈ બારોટ, સેક્રેટરી (બાર લો લાઈબ્રેરી)આઝાદસિંહ રતનસિંહ ઝાલા અને જોઈન્ટ સેક્રેટરી (સ્ત્રી અનામત) મનિષા રમેશચંદ્ર અસારી ની બિન હરીફ નિમણુંક કરવામાં આવી હતી. ગઈ કાલે મોડી સાંજે ચુંટણીના પરીણામો જાહેર થયા બાદ તમામ વકીલ મંડળના સીનીયર તથા જુનીયર વકીલ મિત્રોએ નવા હોદ્દેદારોને શુભેચ્છા પાઠવીને વકીલોના હીતોનું રક્ષણ થાય અને દરેક પરીસ્થિતિમાં વકીલોના પ્રશ્નોનુ નિરાકરણ થાય તેવી આશા વ્યકત કરી હતી અને નવા હોદ્દેદારોએ પણ વકીલોને ખાતરી આપી હતી અને વકીલોના હીતોનુ સન્માન જળવાય, વકીલોની સામાજિક, આર્થિક, આકસ્મિક પરીસ્થિતિમાં વકીલોના પડખે ઉભા રહી સાથ સહકાર આપવાનો વિશ્વાસ આપ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રમુખ રાજેન્દ્રકુમાર શર્મા સતત ૧૫ વખત ચુંટણીમાં જીત્યા બાદ ફરી એકવાર વકીલ મિત્રોએ રાજેન્દ્રકુમાર શર્મા ઉપર વિશ્વાસ મુકી ૧૬ મી વખત પ્રમુખ તરીકે જીત અપાવી હતી. પ્રમુખ રાજેન્દ્રકુમાર શર્મા એ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતું કે આગામી ૨૦૨૫ માં નવી કોર્ટનુ લોકાર્પણ કરવામાં આવશે તે માટે સરકારમાં સાથે મળી રજુઆત કરી હોવાનુ જણાવ્યુ હતું. પ્રમુખ, ઉપપ્રમુખ સહિત હોદ્દેદારોએ સાબરકાંઠા જિલ્લા બાર એસોસીએશનમાં નોંધાયેલ સીનીયર તથા જુનિયર વકીલ મિત્રોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

### ૫ કરોડની ડ્યુટીથી બચવા જતા થયા જેલ ભેગા

# અમદાવાદ એરપોર્ટ પર દંપતી ૧૪ કરોડની ઘડિયાળ સાથે ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ એરપોર્ટ પરથી કસ્ટમ વિભાગે દુબઈથી આવતી મહિલા પાસેથી અંદાજે ૧૩ કરોડથી વધુની લક્ઝુરિયસ ઘડિયાળ કરી તપાસ શરૂ કરી છે. મહિલાએ સવાલોના જવાબ યોગ્ય રીતે ન આપતા શંકાના આધારે વધુ પ્રશ્નો પૂછતાં મહિલાએ સત્ય કબૂલ્યું હતું.

માહિતી મુજબ સરદાર વલ્લભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર દુબઈથી આવતી ફલાઈટમાં મહિલાએ ઘણી મોંઘી ઘડિયાળ પહેરી હતી. હાથમાં પહેરેલી ઘડિયાળનું ધ્યાન કસ્ટમ વિભાગને જતાં તેમને પ્રશ્નોનો દોર શરૂ કર્યો હતો. મહિલા પેસેન્જર આડાઅવળા જવાબો આપતી હોવાથી ચતુરાઈપૂર્વક પૂછતાં તેને આખરે કબૂલ્યું કે તેના પતિએ તેને ઘડિયાળ આપી છે અને તે બીજી ફલાઈટમાં આવી રહ્યાં છે. એટલે તેના પતિને પકડવા ઈન્ટેલિજન્સ ટીમ ચાંપતી નજર રાખની બેઠી હતી. ફલાઈટમાંથી ઉતરતા તેના પતિની અટકાયત કરાઈ છે. તેને પણ કિંમતી ઘડિયાળ પહેરી હતી. શરૂઆતમાં તો ઘડિયાળ સસ્તી હોવાનું જણાવ્યું હતુ પરંતુ ઘડિયાળનું માંગતા બિલ ન હોવાનું સ્વીકાર્યુ હતું. તેમજ કસ્ટમ વિભાગે સામાન ચેક કરતા ઘડિયાળના અનેક બોક્સ પણ નીકળતા દાણચોરી કર્યાનુ સામે આવ્યું છે. ઈન્ટેલિજન્સની તપાસમાં જાણવા મળ્યું કે ઘડિયાળ લાવવા તેને દુબઈની ટ્રીપ ઓફર કરવામાં આવી હતી. તેઓ પોતાની સાથે ૧૩ કરોડની રોયલ ઓક સેલ્ફ વિન્ડિંગ ત્સાવોરાઈટ અને એડ્યુમાર્સ પીજ્યુઅટની રિચાર્ડ મિલે કેલિબર આરએમ ૦૫૭ લઈને આવ્યા હતા. કસ્ટમ વિભાગને એક ઘડિયાળની કિંમત ૧૨ કરોડ ૫૦ લાખ, બીજીની ૧ કરોડ ૩૦ લાખ જાણવા મળી છે. પેસેન્જર બેગમાં ઘડિયાળ લાવવા પર ૪૦ ટકા જકાત ભરવી પડે છે. પરંતુ તેને પહેરવામાં આવે તો બચી શકાય એ ઈરાદાથી દંપતીએ સ્મગલિંગ કર્યું હોવાનું જણાઈ આવ્યું છે. પત્ની ઈન્ડિગોની ફ્લાઈટ અને પતિ એર અરેબિયાની ફલાઈટમાં આવ્યા જેથી શંકાને સ્થાન ન રહે. કસ્ટમે ઘડિયાળના નંબર પરથી શોધ્યું કે ભારતમાં જૂજ લોકો આવી ઘડિયાળ પહેરે છે. દંપતી અગાઉ પણ દુબઈ, અબુધાબીનો પ્રવાસ વારંવાર કરેલો છે. હાલ આ ઘડિયાળો કોને પહોંચાડવાના છે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

બીજી બાજુ ઘડિયાળ લેવા આવેલો શખ્સ ૭ કલાક સુધી એરપોર્ટ પર બેઠો હતો. પરંતુ દુબઈ ફોન કરતા માલૂમ પડ્યું કે દંપતીને કસ્ટમ વિભાગે ધરપકડ કરી છે તેથી ભાગી છુટ્યો હતો. દંપતી અબુધામીમાં પર્ફ્યુમનો બિઝનેસ કરે છે. મૂળ તેઓ રાજસ્થાનના પ્રતાપગઢના નિવાસી છે. અહીં લગ્ન પ્રસંગમાં તેઓ આવ્યા હતા. દંપતીએ જણાવ્યું કે તેમના મામાએ કહ્યું કે એરપોર્ટની બહાર નીકળશો એટલે હું ફોન કરૂં એ વ્યક્તિને તમે ફોન આપી દેજો.

# ગાંધીનગર જિલ્લાના કલોલમાં આધારકાર્ડની ધીમી કામગીરીથી સેન્ટરો પર લાંબી કતારો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




હાલમાં રેશનકાર્ડ ના ઈ-કેવાયસી માટે આધારકાર્ડમાં સુધારા વધારાની કામગીરી ચાલી રહી છે ત્યારે ગાંધીનગર જિલ્લાની કલોલ નગરપાલિકા સહિત જિલ્લાના અલગ અલગ સેન્ટરો ઉપર મંદ ગતિની કામગીરીને કારણે અરજદારો હેરાન પરેશાન થઈ ગયા છે.

ટોકન સિસ્ટમ અમલી બનાવવામાં આવી છે પરંતુ બે દિવસે પણ વારો આવતો નથી. ઘણા સેન્ટરો ઉપર કર્મચારીઓ અને ઓપરેટરો મોડા આવતા હોવાને કારણે આ સમસ્યા વકરી રહી છે.

સરકાર દ્વારા રેશનકાર્ડ માં ઈ-કેવાયસી ફરજીયાત કરવામાં આવી છે. તેની સાથે શાળાઓમાં પણ બાળકોની શિષ્યવૃત્તિ તથા અપર આઈડી કામગીરી માટે આધારકાર્ડ માં સુધારા વધારા કરવાની કામગીરી ખુબ જ વધી રહી છે. તેના કારણે ગાંધીનગર જિલ્લાના તમામ આધાર કેન્દ્રો ઉપર વહેલી સવાર થી જ કતારબંધ લાઈનમાં ઉભા રહેલા લોકો નજરે પડી રહ્યા છે. પરંતુ લાઈનોનો ઘસારો એટલો હોય છે કે ઘણા કેન્દ્રો ઉપર ટોકન સિસ્ટમ અમલી બનાવવામાં આવી છે પરંતુ ઘણા સેન્ટરો ઉપર કર્મચારીઓ અને ઓપરેટરો મોડા આવતા હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. કલોલ નગરપાલિકાના આધાર નોંધણી કેન્દ્ર પર પણ આ જ સ્થિતિ જોવા મળી રહી છે. નાગરીકો વહેલી સવારથી સેન્ટર બહાર લાઈનો લગાવતા હોય છે અને તેમને ટોકન આપવામાં આવે છે. પરંતુ બીજા દિવસે પણ તેમનો વારો આવતો નથી. તંત્ર દ્વારા આધાર સંબંધિત કામગીરી માટે ૩૮ જેટલા કેન્દ્રો છે ત્યારે આ સેન્ટરો પણ વધારવા માટે માંગણી કરવામાં આવી છે. એટલુ જ નહી જિલ્લામાં કોઈ એક અધિકારીને નોડલ નિમીને આ સમગ્ર કામગીરીનુ સુપરવિઝન અને મોનીટરીંગ કરાવવુ પડે તેવુ લાગી રહ્યુ છે. અથવા તો તાલુકા મથકોએ કીટ વધારીને પ્રજાને આ હેરાનગતિમાંથી છુટકારો અપાવવા માટે પ્રયાસ કરવા જોઈએ.

# ડીજીપી વિકાસ સહાયે કાયદો હાથમાં લેનાર ગુન્હેગારોને ખો ભુલાવી દેવાની સુચના આપી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



રાજકોટમાં ગઈ કાલે રાજયપોલીસ વડા વિકાસ સહાયની અધ્યક્ષતામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં રાજયમાં ગુન્હાખોરીને અંકુશમાં લાવવા અને કાયદો વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવાને લઈ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બાદમાં ડીજીપી એ આંકડાકીય માહિતી સાથે રાજયમાં ગુન્હાખોરીમાં ઘટાડો થયો હોવાનો દાવો કર્યો હતો. સાથોસાથ તેમણે કહ્યુ હતુ કે પોલીસ ગુન્હેગારો પર વોચ રાખશે અને તેને ગુન્હાખોરી છોડાવી મુખ્ય સિસ્ટમમાં જોડવાનો પ્રયાસ કરશે.

રાજયના પોલીસવડા વિકાસ સહાયની અધ્યક્ષતામાં ગઈ કાલે પોલીસ કમિશ્નર કચેરી ખાતે ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી જેમાં રાજયના ૪ શહેરના પોલીસ કમિશ્નર, ૯ રેન્જ આઈજી અને પોલીસ ભવનના અધિકારીઓ જોડાયા હતા. દર મહિને યોજાતી આ કોન્ફરન્સમાં રાજયમાં કાયદો વ્યવસ્થાની સ્થિતીની સમિક્ષા કરવામાં આવી હતી. કોન્ફરન્સ બાદ રાજયના પોલીસવડા વિકાસ સહાયે મીડીયા સાથે વાતચીત કરી હતી. જેમાં ડીજીપી વિકાસ સહાયે કહ્યુ હતુ કે પોલીસ અને લોકો વચ્ચે કોમ્યુનીકેશનનો સેતુ બંધાય તેવા હેતુથી તેરા તુજકો અર્પણ, ત્રણ વાત તમારી-ત્રણ વાત અમારી થી લોકોને પોલીસની સારી કામગીરીનો અનુભવ થઈ રહ્યો છે. તેરા તુજકો અર્પણ હેઠળ ૫૭૦ કાર્યક્રમો યોજાયા હોવાનુ ડીજીપી એ જણાવ્યુ હતું. જેમાં લોકોને ૪૭ કરોડનો મુદ્દામાલ પરત આપવામાં આવ્યો છે. ૧૪૪૮ ત્રણ વાત તમારી-ત્રણ વાત અમારી કાર્યક્રમ યોજીને લોકોની મુખ્ય સમસ્યા જાણી છે. ડીજીપી એ વધુમાં કહ્યુ હતુ કે હાલના સમયમાં સાયબર ફ્રોડ એ મોટો પડકાર છે, સાયબર ફ્રોડ ને અટકાવવા માટે લોકોએ જાગૃત રહેવુ પડશે. પોલીસ દ્વારા પણ સાયબર અવરનેશ ના કાર્યક્રમ સતત યોજાઈ રહ્યા છે. આગામી સમયમાં પણ યોજાતા રહેશે. વધુમાં ડીજીપી એ કહ્યુ કે કેટલાક ગુન્હેગારો એક જ પ્રકારના વારંવાર ગુન્હા કરતા હોય છે આવા ગુન્હેગારો પર વોચ રાખવા માટે મેન્જર યોજના શરૂ કરાઈ છે. જેમાં ૮૬૪૦ ગુન્હેગારોને ઓળખી તેના પર ૮૬૪૦ પોલીસ કર્મચારીઓને મેન્જર બનાવ્યા છે. આ મેન્જર ગુન્હેગારો પર વોચ રાખશે અને તેને ગુન્હાખોરી છોડાવી મુખ્ય સિસ્ટમમાં જોડવાનો પ્રયાસ કરશે. વધુમાં ડીજીપી એ કહ્યુ હતુ કે પોલીસની કામગીરીનુ બેઝીક યુનિટ પોલીસ સ્ટેશનની કામગીરી છે. જો તેમાં સુધારો થાય છે તો સમગ્ર પોલીસની કામગીરી માં સુધારો જોવા મળે, જેને ધ્યાને લઈ અધિકારીઓ દ્વારા તમામ પોલીસ મથકોનુ મેન્યુઅલ ઈન્સ્પેકશન કરવામાં આવે છે. આ માટે વરીષ્ઠ અધિકારીઓ ૩ થી ૪ દિવસ ઈન્સ્પેકશન કરી નાઈટ હોલ્ટ પણ કરે છે. એક માસ માં આ રીતે એસ પી રેન્કના અધિકારીઓ દ્વારા ૧૩૦ નાઈટ હોલ્ટ કરવામાં આવ્યા છે.

રાજયના પોલીસવડાએ વધુમાં કહ્યુ હતુ કે ગત વર્ષ કરતાં ચાલુ વરસે ગુન્હાખોરીમાં ઘટાડો થયો છે. ચાલુ વરસે હત્યાના ૩૪ ઓછા ગુન્હા બન્યા છે, હત્યાની કોશિશના ૬૩ , સામાન્ય ઈજાના ૧૯૬, ધાડ ના ૩૩, લુંટના ૩૬, ચોરીના ૩૮૫૩, ઘરફોડ ચોરી દિવસની ૬૬, ઘરફોડ ચોરી રાતની ૪૧૨, પોકસોના ૫૦, એટ્રોસીટીના ૭૧ ગુન્હા ઘટયા છે. જયારે માદક પદાર્થની હેરફેર ના એનડીપીએસ ના બનાવોમાં વધારો થયો છે. ગત વર્ષની સરખામણીએ ૧૨ ગુન્હા વધુ નોંધાયા છે. રાજયમાં રાતના સમયે ક્રાઈમ રેટ વધે અને તેની પાછળનુ કારણ મોડી રાત સુધી ખુલ્લી રહેતી ખાણી પીણીની દુકાનો, લારીઓ વગેરે છે.જેથી રાત્રે ૧૨ વાગે અગાઉની જેમ રેસ્ટોરન્ટ અને ખાણી પીણીની દુકાનો બંધ કરાવવા બાબતે કોઈ વિચારણા છે કે કેમ તેવા પત્રકારના પુછેલા પ્રશ્નના જવાબમાં ડીજીપીએ કહ્યુ કે ગુજરાત સલામત રાજય છે. તેવી આપણી જાહેરાત તો કરીએ છીએ. ગુજરાતની મહિલાઓ રાત્રે દાગીના પહેરીને પણ સલામત ફરી શકે છે. આપણે તેનુ ગૌરવ લઈએ છીએ. આ સ્થિતિમાં રાત્રે પણ મહિલાઓ સલામત રીતે ફરી શકે તે જવાબદારી મારી છે.

# ગુજરાતની તમામ ૧૧૨ એસડીપીઓ / એસીપી ની કચેરીમાં ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજરની નિમણુંક થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની તમામ ૧૧૨ એસડીપીઓ / એસીપીની કચેરીમાં ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજરની નિમણુંક કરવા ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. વૈજ્ઞાનિક ઢબે તપાસ કરી કન્વીકશન રેટ માં વધારો કરવા અને પીડીતોને ન્યાય અપાવવા ગુજરાત પોલીસ દ્વારા મહત્વપુર્ણ પગલુ ભરવામાં આવ્યુ છે. સમગ્ર દેશમાં ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા તેમજ ભારતીય સાક્ષ્ય અધિનિયમ તારીખ ૧ જુલાઈ ૨૦૨૪ થી અમલમાં મુકવામાં આવ્યો છે. આ ત્રણેય નવા કાયદાઓમાં તપાસની પ્રક્રિયામાં વૈજ્ઞાનિક પુરાવા એકત્ર કરવા ઉપર વિશેષ ભાર મુકી ફોરેન્સિક સાયન્સનો મહત્તમ ઉપયોગ થાય તે બાબતે જોગવાઈ કરવામાં આવી છે જેને ધ્યાને લઈ રાજયના મુખ્યમંત્રી ના નેતૃત્વમાં અને ગૃહ રાજયમંત્રી ના માર્ગદર્શન હેઠળ રાજયની તમામ ૧૧૨ એસડીપોઓ (પેટા વિભાગીય પોલીસ અધિકારી) / એસીપી (મદદનીશ પોલીસ કમિશ્નર) ની કચેરીમાં ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજરની નિમણુંક કરવા અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયના પોલીસવડા વિકાસ સહાયે જણાવ્યુ હતું કે ગુજરાત પોલીસ ડીરેકટરેટ ઓફ ફોરેન્સિક સાયન્સના સંયુકત ઉપક્રમે કરવામાં આવેલી આ પહેલ ખુબ મહત્વપૂર્ણ છે. ભવિષ્યમાં તેના ઐતિહાસિક પરીણામ ચોક્કસ જોવા મળશે. છેલ્લા કેટલાક સમયથી ગુજરાત રાજયમાં કન્વીકશન રેટ વધારવા માટે અલગ અલગ પ્રકારના પગલાઓ લેવામાં આવ્યા છે અને આ કન્વીકશન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેકટ હાલ અમલમાં છે એ જ પ્રયાસના ભાગ રૂપે તમામ એસડીપીઓ / એસીપીની કચેરીમાં ક્રાઈમ સીન મેનેજરની નિમણુંક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયમાં બનતા તમામ પ્રકારના ગંભીર ગુન્હાઓની તપાસના સુપરવિઝનની જવાબદારી જિલ્લાઓમાં એસડીપીઓ અને શહેરોમાં એસીપીની હોય છે એક વરીષ્ઠ પોલીસ અધિકારી તરીકે એસડીપીઓ / એસીપી જયારે ગંભીર પ્રકારના ગુન્હાનુ સુપરવિઝન કરતા હોય ત્યારે તેઓ ગુન્હાવાળી જગ્યાની વિઝીટ કરતા હોય છે અને તપાસ કરનાર અમલદારને વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરવા માટે માર્ગદર્શન પુરૂ પાડતા હોય છે તેમની આ જવાબદારીનું યોગ્ય રીતે નિર્વહન થાય છે તે માટે ફોરેન્સિક સાયન્સ વિષય નિષ્ણાંત અને તાલીમ બધ્ધ હોય તેવા ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજર તેઓને મદદરૂપ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે કોઈપણ ગુન્હો બને ત્યારે ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજરની મદદ થી વૈજ્ઞાનિક પુરાવા એકત્ર કરી કેસને સુદ્રઢ બનાવવા અને આરોપીઓને સજા થાય થતા પીડીતાને ન્યાય મળે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભવિષ્યમાં આ પહેલના કારણે ગંભીર પ્રકારના ગુન્હાઓના કન્વીકશન રેટ માં ચોક્કસપણે વધારો થશે. ડીરેકટરેટ ઓફ ફોરેન્સિક સાયન્સના નિષ્ણાંતો દ્વારા આ તમામ ૧૧૨ ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજર ને ગાંધીનગર, સુરત અને રાજકોટ ખાતેની ફોરેન્સિક સાયન્સ લેબ ખાતે ખાસ તાલીમ આપવા નુ આયોજન કરવામાં આવ્યુ છે જેમાં ક્રાઈમ સીન મેનેજમેન્ટ, ભૌતિક પુરાવા અને ચેઈન ઓફ કસ્ટડીનુ મહત્વ, ગુન્હા સ્થળની તપાસ પ્રક્રિયા, વિશિષ્ટ પ્રકારના નમુનાઓ માટે દિશા નિર્દેશ, ઈ-સાક્ષ્ય નો ઉપયોગ અને ડીઝીટલ પુરાવાઓ સહિતના વિવિધ ક્રાઈમ સીન સંબંધિત વિષયોને આવરી લેવામાં આવશે.

### કચ્છનું નાનું રણ બેટમાં ફેરવાયું

# નર્મદાના પાણીના કારણે અગરીયાઓને કરોડોનું નુકસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ,

કચ્છનું નાનું રણ બેટમાં ફેરવાતા અગરીયાઓને કરોડો રૂપિયા નુકસાન થયું. નાના રણમાં નર્મદા કેનાલો ના વધારાના પાણી રણમાં ફરી વળ્યા. અંદાજે રણના ૩૦ કિલોમીટર વિસ્તારોમા નર્મદાના પાણી ભરાતા મીઠું પકાવવા બનાવેલા પાટા તૂટી પાણીમાં તણાયા. પાણી ફરી વળવાના કારણે ૪૦૦થી વધુ પાટાઓ તૂટી જતાં અગરીયાઓને ૨ કરોડથી વધુની રકમનું નુકસાન થયું. રણમાં ફરી વળ્યું નર્મદાનું પાણી. નર્મદા વિભાગની બેદરકારીથી અગરિયાઓને નુકસાન થતા હાલત કફોડી બની.

કેનાલમાંથી બેફામ રીતે પાણી છોડાતા કચ્છના નાના રણમાં મીઠાના અગરમાં પાણી ભરાઈ ગયા. મીઠાના અગરમાં ચોમાસાના પાણી ભરાય તેમ પાણી ભરાઈ જતા અગરીયાઓને મોટો ફટકો પડ્યો. ચોમાસાના વરસાદ બાદ અગરીયાઓ ભારે જહેમત કરી જમીન સમથળ બનાવે છે અને મીઠું પકવવા પાળા તૈયાર કરે છે. પરંતુ હાલમાં નર્મદાના કેનાલનું પાણી ફરી વળ્યું. એક અગરીયાએ થતા નુકસાન અંગે જણાવ્યું કે ધ્રાંગધ્રાના ખેડૂતોને રવિ સીઝનમાં ખેતરમાં પાક માટે પાણી આપવામાં આવે છે અને તેના બાદ ખેડૂતો આ પાણીને બકનાળી મારફતે બહાર કાઢે છે. જો કે તંત્ર દ્વારા બકનળી મારફતે કઢાતા પાણીને બંધ ના કરાતા રણમાં ઘૂસ્યા. કુડાના નાના રણમાં અગરીયાઓ દ્વારા મીઠાનો પાક લેવા જે પાટા બનાવવામાં આવ્યા હતા તે પાણીનો પ્રવાહ વધવાના કારણે તૂટી ગયા. અગરીયાનું કહેવું છે કે મીઠું પકવવા માટે તેમને અંદાજે એક લાખ રૂપિયા કરતાં પણ વધુનો ખર્ચ થાય છે. મીઠાના પાક લેવા પાળો બનાવવામાં આવે છે અને ટ્રેક્ટર, સોલાર સહિતના ઉપયોગ કરાય છે. આટલી લાંબી પ્રક્રિયા બાદ તેઓ મીઠું પકવે છે. ધ્રાંગધ્રા તાલુકાનાં કુડા ગામ નજીક આવેલા કચ્છના નાના રણમાં મીઠાના અગરમાં છેલ્લા એક મહિના કરતા વધુ પણ સમયથી પાણી ભરાયું હોવાની અધિકારીઓને ફરિયાદ કરાઈ છે. મહિના જેટલો સમય થવા છતાં પણ અધિકારીઓ દ્વારા આ મામલે કોઈ કામગીરી થઈ નથી.

છેલ્લા ચાર-પાંચેક વર્ષથી આ રીતે અગરીયાના અગરમાં નર્મદાનાં મીઠા પાણી આવે છે અને તેમને મોટા નુકસાનીનો સામનો કરવો પડે છે. સરકાર તરફથી સહાય આપવા અને નર્મદાનાં પાણી અગરમાં આવતા રોકવા માટે નક્કર કામ કરવામાં આવે તેવી અગરીયાઓની વ્યાપક માંગ છે.

# ગુજરાતનું સુરત નુ ઈચ્છાપોર પોલીસ સ્ટેશન બન્યું ભારત દેશનુ નંબરવન પોલીસ સ્ટેશન

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ગુજરાત માટે આ એક ગર્વની ક્ષણ છે. કારણ કે કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા સુરતના ઈચ્છાપોર પોલીસ સ્ટેશનને સમગ્ર દેશમાં શ્રેષ્ઠ પોલીસ સ્ટેશન તરીકે ઓળખવામાં આવ્યુ છે. આ સિધ્ધી માત્ર સુરત કે ગુજરાત માટે જ નહી પરંતુ સમગ્ર દેશ માટે ઐતિહાસિક ઘટના છે. જે ગુજરાત પોલીસની લોકસેવા પ્રત્યેની કાર્યક્ષમતા અને પ્રતિબધ્ધતાને ઉજાગર કરે છે.

ભુવનેશ્વરમાં આયોજીત ડીજીપી કોન્ફરન્સ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ઈચ્છાપોર પોલીસ સ્ટેશનને આ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. કાયદો અને વ્યવસ્થા, નવિનતા, નાગરીક સહકાર અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગના ક્ષેત્રોમાં સ્ટેશનનું અનોખુ પ્રદર્શન શ્રેષ્ઠતાના આ યોગદાનમાં મુખ્ય આધારસ્તંભ તરીકે ગણવામાં આવે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આધુનિકરણ વિભાગ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં ઈચ્છાપોર પોલીસ સ્ટેશન વિવિધ માપદંડો પર શ્રેષ્ઠ તરીકે ઉભરી આવ્યુ છે. જયારે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી અને સુરત શહેર પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોતે પણ પોલીસ ટીમને અભિનંદન પાઠવ્યા હતા. એ સી ગૌરવ પોલીસ ઈન્સ્પેકટર ઈચ્છાપોર પોલીસ સ્ટેશન ગોહિલ એ ક્ષણે ભાવુક બની ગયા હતા અને કહ્યુ હતુ કે આ એવોર્ડ મારા કે મારી ટીમનો નથી પરંતુ સમગ્ર ગુજરાત પોલીસની પ્રમાણિક અને પ્રતિબધ્ધ કામગીરીનું પ્રતિબિંબ છે. કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સમાજ અને પોલીસનો સહકાર કેટલો મહત્વનો છે તે આ સિધ્ધી એ સાબિત કર્યુ છે. તકનીકી પ્રગતિ, નાગરીક સહકાર અને જાહેર સેવા મુલ્યો જેની સાથે અમે કામ કર્યુ છે તે આ એવોર્ડ માટે ના મુખ્ય કારણો છે. આ એવોર્ડ માત્ર ઈચ્છાપોર પોલીસ સ્ટેશન માટે ગર્વનો સ્ત્રોત નથી પરંતુ ગુજરાત પોલીસ તંત્ર માટે પ્રેરણાદાયી, પ્રેરણારૂપ છે. આ સિધ્ધી માત્ર સન્માજ નહી પરંતુ ભવિષ્યમાં નાગરીકોની સુરક્ષા માટે વધુ ઉત્સાહ પૂર્વક કામ કરવાની પ્રેરણા પણ છે. આ સિધ્ધી પોલીસ અને નાગરીકોની સંયુકત શક્તિઓને પ્રકાશિત કરે છે અને આધુનિક અભિગમનુ તેજસ્વી પ્રતિબિંબ છે. પીઆઈ એ જણાવ્યુ હતુ કે ગુજરાત માટે આ ગૌરવની વાત છે. ૨૦૧૯ પછી આ પ્રથમ વખત છે જયારે ગુજરાતના કોઈ પોલીસ સ્ટેશનને શ્રેષ્ઠ પોલીસ સ્ટેશન તરીકેનુ રાષ્ટ્રીય સન્માન મળ્યુ છે. જાહેર સેવા પ્રત્યે ગુજરાત પોલીસની કાર્યક્ષમતા અને પ્રતિબધ્ધતાને ઉજાગર કરતી આ માત્ર ઈચ્છાપોર પોલીસ સ્ટેશન માટે જ નહી પરંતુ સમગ્ર રાજય માટે એક પ્રેરણાદાયી ક્ષણ છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર સાથે, ઈચ્છાપોર પોલીસ સ્ટેશન નાગરીક સંરક્ષણને મજબુત કરવા અને જનતા સાથેના સંબંધોને વધુ મજબુત કરવા માટે પ્રતિબધ્ધ છે. ડીઝીટલાઈઝેશનમાં વધારો, આધુનિક ટેકનોલોજીનો બહોળો ઉપયોગ અને લોક જાગૃતિ કાર્યક્રમો માટેની યોજનાઓ સ્ટેશનના મુખ્ય ભાવિ ધ્યેયો પૈકી એક છે. તેમણે કહ્યુ કે આ સિધ્ધી સમગ્ર ગુજરાત પોલીસની શ્રેષ્ઠ કામગીરી અને નાગરીકોના સહકારની પરાકષ્ઠાનુ પ્રતિબિંબ છે. આ એવોર્ડ રાજયને નાગરીકોને સલામતિ માટે ઉચ્ચ ધોરણો સ્થાપિત કરવા અને પોલીસ સેવામાં વિશ્વાસને મજબુત કરવા પ્રોત્સાહિત કરશે. તેમણે કહ્યુ કે એવોર્ડ મેળવ્યા બાદ તેઓ સુરત પહોચ્યા ત્યારે પ્રથમ એવોર્ડ સમારોહ વૃધ્ધાશ્રમના બાળકો અને અનાથ બાળકો સાથે યોજાયો હતો. જેમણે તેમનુ ઉંમળકાભેર સ્વાગત કર્યુ હતું.

### ગ્રામ્ય આરોગ્ય માળખું મજબૂત બનશે

# રાજયમાં ૨૪ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુરી મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ વધારવા એક નવો નિર્ણય લીધો છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી એક બેઠકમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી છે. જેથી અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ સુચારૂ રૂપે પુરી પાડી શકાશે. હાલમાં રાજ્યમાં ભારત સરકારના ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવે છે. જે મુજબ સામાન્ય વિસ્તારમાં ૩૦ હજાર અને આદિજાતિ વિસ્તારમાં ૨૦ હજારની ગ્રામ્ય વસ્તીએ ૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવે છે. હાલ રાજ્યમાં ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ કુલ ૧૪૯૯ પ્રા.આ.કેન્દ્રો પુરતા પ્રમાણમાં મંજુર અને કાર્યરત છે. હાલમાં રાજ્યમાં ભારત સરકારના ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવે છે. જોકે, નવા કેન્દ્રોની મંજૂરીમાં ભૌગોલિક પરિસ્થિતિને આધારે ઉક્ત વસ્તીના ધારાધોરણો ધ્યાને ન લેતા જીઓ સ્પેશિયલ એનાલિસિસના આધારે આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતરને ધ્યાને લઈ નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી આવા અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં રહેતા લોકોને પણ સરળતાથી આરોગ્ય સેવાઓ મળી રહેશે. એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર, લેબોરેટરી ટેકનીશીયન, જુનિયર ફાર્માસિસ્ટ, સીનીયર કલાર્ક સહિતના અન્ય સ્ટાફની નિમણૂંક કરવામાં આવે છે. હાલ જે જગ્યાઓએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ઘટ છે ત્યાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ પહોંચતી કરવામાં સ્થાનિક જનો માટે આ કેન્દ્રો આશીર્વાદરૂપ સાબિત થશે તેમ મંત્રી ઋષિકેશ પટેલેજણાવ્યુ હતું.